# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 15-05-2026 | VOL : 12 | Issue : 59 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN    Contact :- MO : 9662420070    E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!


3  કેરળમાં કોંગ્રેસનો મોટો દાવ : વી.ડી. સતીશનના હાથમાં સોંપાઈ કમાન!

4  દેશની ઋતુઓ, જળવાયુ પરિવર્તન અને આવનારા હવામાન પર વિચારણા

6  યુવાન દેખાવાની લ્હાયે શેફાલી જરીવાલાનો જીવ લીધો?:'કાંટા લગા' ગર્લના પતિ પરાગે...

7  શ્રીલંકા વન-ડે સીરિઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર, તિલક વર્મા કેપ્ટન


## એક નજર...

### સિમ્પલ લુકમાં પલક તિવારીએ લૂંટી મહેફીલ



પલક તિવારી ફરી એકવાર પોતાના તાજેતરના ફોટાઓ સાથે ચર્ચામાં આવી છે. ચાહકો દ્વારા તેનો સિમ્પલ લુક ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યો છે અને યુઝર્સ ફરી એકવાર તેની સુંદરતાથી મોહિત થયા છે. તે હંમેશા પોતાના સ્ટાઈલિશ આઉટફિટ્સ અને ફેશન સેન્સથી પોતાના ચાહકોને પ્રભાવિત કરે છે. પોતાના અદભુત લુક્સથી તે દર વખતે સાબિત કરે છે.

## NEWS TRACK

### અમેરિકા-ચીનની બેઠકમાં જિનપિંગની ટ્રમ્પને ચેતવણી

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનના પ્રવાસે છે. તેમણે આજે ગુરુવારે ચીની રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગ સાથે મુલાકાત કરી. ત્યારબાદ જિનપિંગે ટ્રમ્પના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં શી જિનપિંગે કહ્યું કે ચીન અને અમેરિકા મહાન રાષ્ટ્રો છે. ચીનનું પુનરુત્થાન હાંસલ કરવું અને અમેરિકાને ફરીથી મહાન બનાવવું સાથે-સાથે ચાલી શકે છે. બંને દેશોએ પ્રતિસ્પર્ધી નહીં પરંતુ ભાગીદાર બનવું જોઈએ. ટ્રમ્પે મિત્ર કહી જિનપિંગને સંબોધ્યા બીજી તરફ ટ્રમ્પે પોતાના ભાષણમાં શી જિનપિંગને પોતાના મિત્ર કહીને સંબોધ્યા હતા. તેમણે કહ્યું કે બંને દેશોના સંબંધો અમેરિકાની સ્થાપનાના સમયથી જ ચાલ્યા આવે છે. બંને નેતાઓ વચ્ચે ગુરુવારે આ બીજી મુલાકાત હતી. ભોજન સમારંભ પહેલા પણ બંને નેતાઓએ મુલાકાત કરી હતી. ત્યારબાદ એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. શુક્રવારે પણ બંને નેતાઓ વચ્ચે સામસામે બેઠક યોજાશે. શી જિનપિંગ અને ટ્રમ્પની મુલાકાત બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં તાઈવાનનો કોઈ ઉલ્લેખ નથી.

### બ્રિક્સ બેઠક પહેલા ઓઇલ અને ગેસ માટે રશિયાએ ભારતને આપ્યું 'વચન'

દુનિયા જ્યારે બે ભાગમાં વહેંચાયેલી દેખાય છે ત્યારે રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે ભારત તેનો સૌથી જૂનો અને ભરોસોપાત્ર મિત્ર છે. બ્રિક્સ(BRICS) ની બેઠક માટે દિલ્હી રવાના થતા પહેલા રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે પશ્ચિમી દેશોને કડક શબ્દોમાં સંદેશ આપ્યો છે. લાવરોવે કહ્યું કે, 'હિન્દી-રશિયન ભાઈ-ભાઈ હવે માત્ર એક નારો નથી, પણ એક હકીકત છે.' તેમણે ભારત અને રશિયાના સંબંધોને 'રોક સોલિડ' ગણાવ્યા અને કહ્યું કે રશિયાના ખૂણેખૂણામાં ભારત પ્રત્યે પ્રેમ જોવા મળે છે. દિલ્હીના પ્રવાસે આવતા પૂર્વે લાવરોવે પીએમ મોદીના હૃદયપૂર્વક વખાણ કર્યા હતા. તેમણે પીએમ મોદીને વિશ્વના સૌથી વધુ કાર્યશીલ નેતા તરીકે નવાજ્યા હતા. રશિયાના મતે, ભારત અત્યારે પીએમ મોદીના માર્ગદર્શન હેઠળ આર્થિક, સંરક્ષણ અને સાંસ્કૃતિક મોરચે 'સુપર પાવર' બનવાની દિશામાં તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. લાવરોવે ભારપૂર્વક જણાવ્યું કે વડાપ્રધાનની મજબૂત વ્યૂહરચના અને કુશળતાને કારણે જ આજે સમગ્ર વિશ્વ ભારતની સંસ્કૃતિ અને સામર્થ્યનો સ્વીકાર કરી રહ્યું છે.

### સૌથી વધુ 21 મોત પ્રયાગરાજમાં અને 17 મોત ભદોહીમાં થયા

# યુપીમાં વાવાઝોડા, તોફાન અને ભારે વરસાદને કારણે 111 લોકોના મોત

**રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ આ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. પુતિને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદીને પોતાનો શોક સંદેશ મોકલ્યો છે**





લખનઉ

યુપીમાં વાવાઝોડા, તોફાન અને ભારે વરસાદને કારણે છેલ્લા 24 કલાકમાં 111 લોકોના મોત થયા છે. સૌથી વધુ 21 મોત પ્રયાગરાજમાં અને 17 મોત ભદોહીમાં થયા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ આ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. પુતિને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાનો શોક સંદેશ મોકલ્યો છે. તેમણે કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં વાવાઝોડાને કારણે થયેલી ભારે જાનહાનિ અને મોટા પાયે થયેલા વિનાશ પર મારી ઊંડી સંવેદનાઓ છે. મુખ્યમંત્રી યોગીએ તમામ જિલ્લાઓના પ્રભારી મંત્રીઓને અસરગ્રસ્ત પરિવારોને મળવા અને પરિસ્થિતિનો તાગ મેળવવા જણાવ્યું છે. યોગીએ કહ્યું, આપત્તિના આ સમયે સરકાર સંપૂર્ણ મજબૂતી સાથે જનતાની સાથે ઊભી છે. રાહત કાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સ્વીકારવામાં આવશે નહીં. રાજસ્થાનમાં પણ ભારે ગરમી અને હીટવેવની અસર છે. બુધવારે સતત ચોથા દિવસે રાજ્યનું જેસલમેર દેશનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં 46.1C તાપમાન રહ્યું. હવામાન વિભાગ મુજબ આજે બીકાનેર, જોધપુર, જેસલમેર અને બાડમેરમાં ભારે ગરમીનું રેડ એલર્ટ છે. 13 જિલ્લાઓમાં હીટવેવનું એલર્ટ છે. જ્યારે, મધ્ય પ્રદેશના 25થી વધુ જિલ્લાઓમાં હીટવેવ ચાલી રહી છે, જે 18 મે સુધી ચાલુ રહી શકે છે. બુધવારે ખજુરાહોમાં તાપમાન 45.4C રહ્યું. આજે ઈન્દોર, ઉજ્જૈન, ધાર અને રતલામમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ છે. આ જિલ્લાઓમાં વોર્મ નાઈટનું પણ એલર્ટ છે. અહીં, હરિયાણાના મહત્તમ તાપમાનમાં છેલ્લા 24 કલાકમાં 1.1C નો વધારો થયો. રાજ્યના 5 શહેરોમાં 40C થી વધુ તાપમાન રહ્યું, જેમાં નારનૌલ 42.5C રહ્યું. રાજ્યમાં 17 મે થી હીટવેવનું યલો એલર્ટ છે. બિહારના પૂર્ણિયા-કટિહાર સહિત 7 જિલ્લાઓમાં આજે ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. ઉત્તરાખંડના પહાડી જિલ્લાઓમાં આજે વરસાદનું યલો એલર્ટ છે. પ્રયાગરાજ અને ભદોહીમાં સૌથી વધુ 17-17 લોકોના મોત બુધવારે સાંજે બરેલીમાં વાવાઝોડામાં એક યુવક ટિન શેડ સાથે હવામાં લગભગ 50 ફૂટ ઉડ્યો હતો.

# અઠવાડિયામાં બે દિવસ કેન્દ્ર-દિલ્હી અને યુપી સરકારમાં વર્કફ્રોમ હોમનો આદેશ

## ત્રિપુરામાં 50% કર્મચારીઓ જ ઓફિસ આવશે, આંધ્ર- ગોવામાં CMનો કાફલો અડધો થયો; PMની અપીલની 12 રાજ્યોમાં અસર

### CM રેખા ગુપ્તાની મોટી જાહેરાત, ખાનગી કંપનીઓને પણ કરી અપીલ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પેટ્રોલ-ડીઝલ બચાવવાની અપીલની અસર 12 રાજ્યોમાં જોવા મળી રહી છે. દિલ્હી સરકારે આ મુદ્દે મોટો નિર્ણય લીધો છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જાહેરાત કરી છે કે રાજધાનીની સરકારી કચેરીઓમાં અઠવાડિયામાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ કરાવવામાં આવશે. આ સાથે સરકાર ખાનગી કંપનીઓને પણ બે દિવસ વર્ક ફ્રોમ હોમ કરવા અપીલ કરશે. દિલ્હીના સીએમએ કહ્યું કે દિલ્હીના સરકારી અધિકારીઓને જે પેટ્રોલ અને ડીઝલ મળતું હતું તેમાં 20 ટકાનો ઘટાડો કરવામાં આવશે. દર સોમવારે મંડે મેટ્રો તરીકે કામ કરશે. એટલે કે અધિકારીઓ અને કર્મચારીઓ મેટ્રો દ્વારા ઓફિસ આવશે. દિલ્હીમાં જેટલી પણ સરકારી અધિકારીઓની કોલોની છે તેમના માટે 58 બસો તૈનાત કરવામાં આવશે, જે કોલોનીથી મેટ્રો સ્ટેશન સુધી ચલાવવામાં આવશે. સંપૂર્ણ સમાચાર વાંચો

ભારત સરકારના પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ હેઠળના 'કેપેસિટી બિલ્ડિંગ કમિશન' (CBC) દ્વારા કર્મચારીઓ માટે મહત્વની સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. અઠવાડિયામાં 2 દિવસ વર્ક ફ્રોમ હોમ: વિભાગીય વડાઓને સત્તા આપવામાં આવી છે કે તેઓ તેમના સ્ટાફ માટે એવો રોસ્ટર તૈયાર કરે જેમાં કર્મચારીઓને અઠવાડિયામાં વધુમાં વધુ બે દિવસ 'વર્ક ફ્રોમ હોમ' (WFH) કરવાની મંજૂરી મળી શકે.



વધતાં જતાં ઈંધણના વપરાશને ઘટાડવા અને પર્યાવરણની જાળવણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ દિલ્હીની રેખા ગુપ્તા સરકારે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. સરકાર દ્વારા 'મેરા ભારત મેરા યોગદાન' અભિયાન અંતર્ગત સરકારી કચેરીઓમાં અઠવાડિયામાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ (WFH) લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારી કચેરીઓ માટે નવા નિયમો સરકારી સ્તરે અઠવાડિયામાં બે દિવસ 100 ટકા કર્મચારીઓ ઘરેથી કામ કરશે. જોકે, ઈમરજન્સી અને આવશ્યક સેવાઓને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. દિલ્હી સરકારની ઑફિસો હવે સવારે 10થી સાંજના 7.30 વાગ્યા સુધી કાર્યરત રહેશે, જ્યારે નિગમની ઑફિસો સવારે 8.30થી સાંજના 5.30 સુધી ચાલશે. દર સોમવારે મંત્રીઓ અને અધિકારીઓ જાહેર પરિવહનનો ઉપયોગ કરશે. આ ઉપરાંત, અધિકારીઓના પેટ્રોલ ક્વોટામાં 20 ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે. સરકારે જાહેરાત કરી છે કે, ગ્રેડ 1થી 8ના કર્મચારીઓ જો તેમના એલાઉન્સનો 25 ટકા હિસ્સો જાહેર પરિવહન પાછળ ખર્ચશે, તો તેમને 10 ટકા વધારાનું એલાઉન્સ આપવામાં આવશે.

# મહા-વિસ્ફોટ: ધર્મના 'કસાઈ'... સફેદપોશ ભાઈ! મુનિશ્રીને મિટાવવા માટે રચાયેલા લોહિયાળ કાવતરાનું 'પોસ્ટમોર્ટમ'!

## કરોડોની ખંડણીનું 'ઝેરી સિન્ડિકેટ'; મુનિશ્રીના ચરિત્ર પર કાદવ ઉછાળનારા 'માનવરુપી ગીધ' હવે જેલના સળિયા ગણશે?

અમદાવાદ | વિશેષ બ્યુરો

ગુજરાતની પવિત્ર ધરા પર 'ધર્મ રક્ષા'ના નામે અધર્મનો સૌથી ગંદો અને ભયાનક ખેલ ખેલાયો છે. જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજ વિરુદ્ધ રચાયેલું 'હનીટ્રેપ'નું આ જાળું માત્ર એક આક્ષેપ નથી, પણ સનાતન પરંપરાઓના હૃદયમાં સોંપાયેલો 'ઝેરી ખંજર' છે. આ કોઈ મહિલાના સ્વાભિમાનની લડાઈ નથી, પરંતુ *'બ્લેકમેલિંગ માફિયા'*ની એ હવસ છે જેને કરોડોની નોટોના બંડલથી સંતોષવી હતી.

### ષડયંત્રનું 'ડેથ વોરંટ': એફિડેવિટ નહીં, આ તો હરામની કમાણીનું સાધન છે!

કિરણ દોશી અને તેની ટોળકીએ જે ઘૃણાસ્પદ પટકથા લખી છે, તેનું દરેક પાનું પાપની શાહીથી લખાયેલું છે. તપાસની આંચ જેમ-જેમ વધી રહી છે, તેમ-તેમ આ 'સફેદપોશ વરુઓ'ના અસલી ચહેરા પરથી મહોરાં ઉતરી રહ્યા છે:

* સુનિયોજિત બ્લેકમેલિંગ: એક લાચાર મહિલાને ઢાલ બનાવીને, મુનિશ્રીની વર્ષોની તપસ્યાને ગણતરીના કલાકોમાં નીલામ કરવાનું 'પ્રાઈસ ટેગ' લગાવવામાં આવ્યું હતું.

* ચરિત્ર હનનની ફેક્ટરી: જ્યારે સંતોએ ગીધડ-ધમકીઓ સામે ઝૂકવાનો ઈનકાર કર્યો, ત્યારે આ 'ધર્મના સોદાગરોએ' સોશિયલ મીડિયા અને અદાલતી દાવપેચ દ્વારા તેમના ચરિત્રનું 'પબ્લિક મર્ડર' કરવાનો નીચ પ્રયાસ કર્યો.

બેનકાબ 'ઠગ સિન્ડિકેટ': હાર્દિક, જગત, વિક્રમ અને... પાપનું આખું પાંજરું!




હાર્દિક હુડિયા, જગત પારેખ, વિક્રમ સંઘવી અને વિક્રમ બાફના–આ એવા નામ છે જે સમાજમાં 'શ્રાવક' બનીને ફરે છે, પરંતુ હકીકતમાં તેઓ 'ધર્મના ઉધઈ' છે. જે હાથ વંદના માટે જોડાવવા જોઈએ, એ જ હાથોએ મુનિશ્રીની પ્રતિષ્ઠાને કચડી નાખવા માટે કાવતરાના તાણાવાણા વણ્યા. શાસન સેવાનો મહોરો પહેરીને આ 'આસ્તીનના સાપોએ' શાસનને જ ખોખલું કરવાની ધૃષ્ટતા કરી છે.

### સણસણતા સવાલ: જે વ્યવસ્થાની રુહ ધ્રુજાવી દેશે!

1. અદ્રશ્ય આકા કોણ?: આ પ્યાદાઓને કરોડોની ખંડણી માંગવાની હિંમત આપનાર 'અસલી માસ્ટરમાઈન્ડ' કયા આલીશાન બંગલામાં છુપાઈને બેઠો છે?

2. ખાખીનો ઈકબાલ: શું ગુજરાત પોલીસ આ વગદાર 'સફેદપોશ ગુંડાઓ'ના કોલર પકડીને તેમને જેલની ચક્કી પીસવા મજબૂર કરશે? કે પછી 'સેટિંગ'નો ખેલ ચાલુ રહેશે?

3. સમાજ દ્વારા બહિષ્કાર: શું જૈન સમાજ આ 'ધર્મ-દ્રોહીઓ'નું સામાજિક હુક્કા-પાણી બંધ કરીને તેમને ચોક વચ્ચે બેનકાબ કરવાનું સાહસ બતાવશે?

### અંતિમ લલકાર: "પાપનો ઘડો ભરાઈ ગયો છે!"

**"સાધુની શાખ સાથે રમનારાઓ યાદ રાખજો... તમારી તિજોરીઓ ભલે ગમે તેટલી ભારે હોય, પણ કાયદાનો હંટર અને કુદરતનો ન્યાય તમને રાખ કરી દેશે. આ કલમ ત્યાં સુધી શાંત નહીં થાય, જ્યાં સુધી એક-એક ગદ્દાર જેલના સળિયા પાછળ પોતાના ગુનાઓની માફી નહીં માંગે!"**

**ખેલ હજુ પૂરો થયો નથી... અસલી ચહેરાઓના મહોરાં તો હજુ ઉતરવાના બાકી છે. મહાવિસ્ફોટના આગામી એપિસોડ માટે તૈયાર રહો!**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## માણાવદર ITI ખાતે રોજગાર ભરતી મેળો : 45 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

જુનાગઢ

જુનાગઢ જિલ્લાના માણાવદર ખાતે આવેલી સરકારી આઈટીઆઈ (ITI) માં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા સંચાલિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી-જુનાગઢ દ્વારા એક વિશેષ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવાના ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ ભરતી મેળામાં જાણીતી કંપનીઓ જેવી કે સિનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમિશન પ્રા.લી., એચ.ડિ.એફ.સી. લાઈફ ઈન્સ્યુરંસ કંપની તથા મહાવિર એન્ટરપ્રાઈઝ સહિતના પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કંપનીઓના પ્રતિનિધિઓ દ્વારા વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોનું સીધું ઈન્ટરવ્યુ લેવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કુલ 60 જેટલા ઉત્સાહી ઉમેદવારો હાજર રહ્યા હતા, જેમાંથી તેમની યોગ્યતા અને કૌશલ્યના આધારે 45 રોજગારવાંચ્છુ ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

લાયકાતની વાત કરીએ તો, આ મેળામાં SSC (ધોરણ 10) પાસથી લઈને સ્નાતક સુધીનો અભ્યાસ કરનાર અથવા ITI અને ડિપ્લોમાની ટેકનિકલ શૈક્ષણિક લાયકાત ધરાવતા 18 વર્ષ થી 35 વર્ષની વય મર્યાદાના ઉમેદવારો માટે સુવર્ણ તક પૂરી પાડવામાં આવી હતી.

અલગ-અલગ વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે આયોજિત આ ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાની કારકિર્દી ઘડવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું હતું. જિલ્લા રોજગાર કચેરીના આ પ્રયાસથી સ્થાનિક સ્તરે બેરોજગારી ઘટાડવામાં અને યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં મોટી મદદ મળી છે.

## ભરૂચના નવા જિલ્લા કલેક્ટર તરીકે ડૉ. નવનાથ ગવહાણેએ સત્તાવાર પદભાર સંભાળ્યો

ભરૂચ

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી આઈએએસ (IAS) અધિકારીઓની બદલીના ભાગરૂપે, ભરૂચ જિલ્લાના નવા કલેક્ટર તરીકે ડૉ. નવનાથ ગવહાણેએ આજે સત્તાવાર રીતે ચાર્જ સંભાળી લીધો છે.

ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજિત એક ગરિમાપૂર્ણ વહીવટી પ્રક્રિયા અંતર્ગત, બદલી પામેલા નિવાસી કલેક્ટર ગૌરાંગ મકવાણાએ નવનિયુક્ત કલેક્ટર ડૉ. નવનાથ ગવહાણેનું પુષ્પગુચ્છ આપી ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે જિલ્લા વહીવટી તંત્રની મહત્વની કામગીરીઓ અને ચાલુ પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપી સત્તાવાર રીતે ચાર્જ સુપરત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પૂર્વ કલેક્ટર ગૌરાંગ મકવાણાની ગાંધીનગર ખાતે ડાયરેક્ટર (GEDA) તરીકે બદલી થઈ છે, જ્યાં તેઓ GPCL-UGVCL ના મેનેજિંગ ડાયરેક્ટરનો વધારાનો હવાલો પણ સંભાળશે.

ભરૂચના કલેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ ડૉ. નવનાથ ગવહાણેએ મીડિયા સમક્ષ પોતાની પ્રાથમિકતાઓ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ભરૂચ જિલ્લાના નાગરિકોને પારદર્શક, ઝડપી, ભેદભાવ રહિત અને અસરકારક વહીવટી સેવાઓ સમયસર મળી રહે તે મારી સર્વોચ્ચ અગ્રતા રહેશે. સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વહીવટી તંત્ર વધુ ગતિશીલ બનશે.' તેમણે ઉમેર્યું કે લોકપ્રશ્નોના ત્વરિત અને સકારાત્મક નિરાકરણ તેમજ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે તેઓ કટિબદ્ધ રહેશે.

આ ચાર્જ હસ્તાંતરણ પ્રસંગે જિલ્લા કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓ, મામલતદારો તેમજ વિવિધ શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવા કલેક્ટરને સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઓલપાડના સિવાણ ગામથી ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

ઓલપાડ

ઓલપાડ તાલુકાના સિવાણ ગામની સીમની એક રેસીડેન્સીમાં મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો પશ્ચિમ બંગાળ રાજ્યનો ઝોલાછાપ બોગસ ડોક્ટર પોલીસના હાથે ઝડપાયો છે. સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસની ટીમ ગત બુધવાર,તા.૧૩ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.તે સમયે અ.હે.કો. ભુપેન્દ્ર અંબિકા પ્રસાદ અને પ્રકાશ વાલજીને સંયુક્ત બાતમી મળી હતી કે,તાલુકાના સિવાણ ગામે મહેક રેસીડેન્સી-૨ ની દુકાન નં-૦૨ માં એક શખ્સ કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો છે.જે બાતમીના પગલે પોલીસ ટીમે રેઈડ કરી ઉત્સોબ ચંડી બીસ્વાસ (ઉં.વ.૨૪)હાલ રહે:મહેક રેસીડેન્સી-૨,ઘર નં-૬૩૧,સિવાણ (મુળ વતન-બીર નગર,તા.રાણાઘાટ, જિ.નાદીયા-પશ્ચિમ બંગાળ)નામના શખ્સને ઝડપી પાડયો હતો. પોલીસની તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે, આરોપી પાસે મેડિકલ ક્ષેત્રની કોલેજની કોઈ માન્ય ડિગ્રી કે પ્રમાણપત્ર નથી અને તેણે વતનમાં જે.બી.વિદ્યાભવન ખાતે માત્ર ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે. તેણે પશ્ચિમ બંગાળમાં શારદા ક્લિનિકમાં ત્રણ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી અને તે અનુભવના આધારે સિવાણ ગામે ક્લિનિક ખોલી લોકોના જીવ સાથે ચેડાં કરી રહ્યો હતો. જેથી પોલીસે ઘટના સ્થળેથી મેડિકલ ચેકઅપના વિવિધ સાધનો અને જુદી-જુદી એલોપેથિક દવાઓ મળી કુલ રૂ.૬,૭૬૧ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

એસ.ઓ.જી. પોલીસે ઝડપાયેલ ઝોલાછાપ ડોક્ટર વિરૂદ્ધ 'ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ'હેઠળ ઓલપાડ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નર્મદા નિગમને પીવાના, સિંચાઈ અને ઉદ્યોગોના પાણી પેટે રૂા. 6231.20 કરોડ વસૂલવાના બાકી

રાજપીપલા

સરદાર સરોવર નર્મદા નિગમને પીવાના, સિંચાઈ અને ઉદ્યોગોના પાણી પેટે ૬૨૩૧.૨૦ કરોડ વસૂલવાના બાકી છે.૧૯૦ શહેરો અને ૧૦,૦૦૦ ગામોમાં પાણી અપાય છે. ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદા નદીનું પાણી રાજ્યના ખૂણેખૂણે પહોંચાડવામાં આવે છે, પરંતુ આ પાણીના વપરાશ સામે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને મળવાપાત્ર જંગી રકમ હજુ પણ બાકી છે. લેટેસ્ટ આંકડા મુજબ, વિવિધ એકમો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ નિગમને કુલ રૂ. ૬૨૩૧.૨૦ કરોડચૂકવવાના બાકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદ, સુરત, વડોદરા અનેરાજકોટ જેવા મહાનગરો સહિત રાજ્યના ૧૯૦ નાના શહેરો અને ૧૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં નર્મદાનું પાણી પીવા માટે આપવામાં આવે છે. જોકે, નગરપાલિકાઓ અને પંચાયતોની આવક મર્યાદિત હોવાને કારણે તેઓ સમયસર નિગમના બિલોની ચુકવણી કરી શકતા નથી. પરિણામે, ઘરવપરાશના પાણીના પેટે સૌથી વધુ રકમ બાકી બોલે છે.નર્મદા નિગમના લેણાંના આંકડાકીય વિશ્લેષણ પર નજર કરીએ તો, સૌથી વધુ બાકી રકમ ઘરવપરાશ એટલે કે પીવાના પાણીના પેટે બોલે છે, જે અંદાજે ૪૬૨૭.૫૬ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. ખેડૂતોને ખેતી માટે આપવામાં આવતા સિંચાઈના પાણીના પેટે પણ ૧૦૦૮.૦૬ કરોડ રૂપિયા હજી વસુલવાના બાકી છે.

આ ઉપરાંત, રાજ્યના વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા વાપરવામાં આવેલા પાણીના પેટે ૫૯૭.૭૮ કરોડ રૂપિયાની રકમ નિગમને ચૂકવવાની બાકી છે. આમ, ઘરવપરાશ, સિંચાઈ અને ઉદ્યોગ એમ ત્રણેયક્ષેત્રોના મળીને કુલ ૬૨૩૧.૨૦ કરોડ રૂપિયા જેટલી જંગી રકમ હજુ સુધી જમા થઈ નથી.

ખેડા જિલ્લો કે ગુનેગારોનું સ્વર્ગ?

# ખાખીની છત્રછાયામાં ધમધમતા દારૂ-જુગારના અડ્ડા

નડિયાદ

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જિલ્લા પોલીસ અધિક્ષકની રહેમનજર અને પોલીસ ઈન્સ્પેક્ટરો તથા તેમના 'વહીવટદારો'ની મિલીભગતથી ખેડા જિલ્લો જાણે અસામાજિક તત્વો માટે સેફ હેવન બની ગયો છે. ઠેર ઠેર ચાલતા દારૂ અને જુગારના હાટડાઓ સામે સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરી રહી હોવાથી હવે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) આ પાપના સામ્રાજ્ય પર ત્રાટકે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

ટુંડેલ બુલેટ ટ્રેન નજીક પ્રવીણ નામનો શખ્સ પશ્ચિમના એક મોટા ગજાના નેતાના આશીર્વાદથી જુગારધામ ચલાવી રહ્યો છે. ચોંકાવનારી વિગત તો એ છે કે, ભૂતકાળમાં પોલીસ પર હુમલો કરનાર આ પ્રવીણે રોમી નામના શખ્સને આ અડ્ડો દૈનિક ભાડે આપ્યો છે. વસો PI એસ.એફ. ચાવડા અને વહીવટદાર મિતેષ રબારીની મંજૂરી વિના આટલો મોટો વેપલો શક્ય નથી. બીજી તરફ, દાવડા બુલેટ ટ્રેન પાસે વસીમ નામનો શખ્સ વહીવટદારોની સૂચનાથી જગ્યા બદલી-બદલીને જુગાર રમાડી રહ્યો છે.

નડિયાદ રૂરલની હદમાં કેરિયાવી-આનંદપુરા કેનાલ પર લોટીયો નામનો બુટલેગર ખુલ્લેઆમ દારૂ પીવડાવી રહ્યો છે, જેમાં કોલેજીયન યુવાધન બરબાદ થઈ રહ્યું છે. અહીં વહીવટદાર મુકેશ




ચૌધરીની સત્તા ચાલતી હોવાનું ચર્ચાય છે. નડિયાદ ટાઉનની વાત કરીએ તો, કનિપુરા પાસે સિંધી ચાલીમાં વડોદરાથી તડીપાર થયેલો રીઢો ગુનેગાર અરુણ ઉર્ફે મેલિયો ટાઉનના વહીવટદાર સુભાષના આશીર્વાદથી જુગારધામ ચલાવે છે.

સૌથી ગંભીર આક્ષેપ ધારાસભ્ય પંકજ દેસાઈ અને તેમના ભાઈ હેમલ ઉર્ફે ભયલુ પર લાગ્યો છે. તડીપાર ગુંડા મેલિયાને નડિયાદમાં રાજકીય આશ્રય આપી, પદ અપાવી તેને 'કાયદેસરનો ગુંડો' બનાવવામાં આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ ગુંડાનો ઉપયોગ રાજકીય વિરોધીઓ અને પત્રકારો પર હુમલા કરવા માટે કરવામાં આવતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સલુણ ચોપટીમાં જીતુ તળપદા દૈનિક લાખોનો દારૂ ઉતારે છે, છતાં LCB PI કેવલ વેકરીયા અને તેમના મળતીયા વહીવટદારો મુકેશ બારોટ તથા જયેશ રબારી એસી ચેમ્બરમાં બેસી તમાશો જોઈ રહ્યા છે. પશ્ચિમ પોલીસ મથકથી માત્ર ૨૦૦ મીટરના અંતરે જ કલા મંદિર પાસે વિદેશી દારૂ વેચાય છે, જે પોલીસની નિષ્ફળતા અને ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા છે.

જિલ્લા એસપી વિજય પટેલની નબળી નીતિને કારણે ચકલાસી, વડતાલ, માતર અને મહેમદાવાદમાં તો વહીવટદારો પોતે જ દારૂના ધંધામાં ભાગીદાર હોવાની બૂમો ઉઠી છે. હાલમાં જ સ્ટેટ મોનિટરિંગ સેલને ટેલિફોનિક ફરિયાદ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહ્યું કે:

* શું SMC સીધી રેડ કરીને આ સિન્ડિકેટ તોડશે?
* કે પછી ફરિયાદ ફરીથી ભ્રષ્ટ LCB ને મોકલીને 'નિલ પંચનામું' કરી બુટલેગરોને છાવરવામાં આવશે?

ખેડાની જનતા હવે આ 'પોલીસ-બુટલેગર-નેતા'ની ત્રિપુટીના ત્રાસમાંથી મુક્તિ ઝંખે છે.

જનતાના દ્વારે વિકાસના કામો

## મહુધાના લોકપ્રિય ધારાસભ્ય અને કેન્દ્રીય મંત્રી સંજય સિંહ મહિડાની પ્રશંસનીય પહેલ

મહુધા

મહુધા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અને કેન્દ્ર સરકારમાં મંત્રી પદ શોભાવતા શ્રી સંજય સિંહ મહિડાએ પ્રજાલક્ષી કાર્યોની એક નવી મિશાલ રજૂ કરી છે. રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવવાની સાથે તેઓએ પોતાના વિસ્તારના વિકાસ અને છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા માટે એક નવી પહેલ હાથ ધરી છે, જેની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

મંત્રીશ્રી દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ, હવે મહુધા વિસ્તારના ગ્રામીણ અને શહેરી પ્રશ્નોના નિકાલ માટે વહીવટી




તંત્ર સામે ચાલીને પ્રજાની વચ્ચે જશે. આ પહેલ અંતર્ગત:

દરેક ગામમાં જઈને લોકોની સમસ્યાઓ સ્થળ પર જ સાંભળવામાં આવશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લેવા માટે ગ્રામજનોને કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે વિશેષ કેમ્પ યોજાશે.

અધૂરા કામોને વેગ આપવા અને ગુણવત્તા ચકાસવા માટે મંત્રીશ્રી પોતે ફિલ્ડ વિઝિટ કરશે.

સંનિષ્ઠ નેતાની છબી વધુ મજબૂત બની

સંજય સિંહ મહિડા હંમેશા કાર્યકર્તાઓ અને સામાન્ય જનતા માટે સુલભ રહ્યા છે. કેન્દ્રમાં મંત્રી હોવા છતાં, પોતાની માતૃભૂમિ અને મતવિસ્તાર પ્રત્યેની તેમની નિષ્ઠા આ નવી પહેલ દ્વારા ફરી એકવાર સાબિત થઈ છે. સ્થાનિક લોકોના મતે, 'સાહેબે જે રીતે લોકોની પીડા સમજીને સીધો સંવાદ શરૂ કર્યો છે, તેનાથી સરકારી તંત્ર પણ વધુ દોડતું થયું છે.'

આ પહેલ હેઠળ ખેડૂતોને આધુનિક ખેતી તરફ વાળવા અને યુવાનોને રોજગારીના માર્ગો બતાવવા માટે પણ વિશેષ સેમિનારોનું આયોજન કરવામાં આવનાર છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'મારો ઉદ્દેશ્ય માત્ર સત્તા ભોગવવાનો નહીં, પણ મહુધાને આદર્શ વિધાનસભા બનાવવાનો છે.'

મહુધાની જનતાએ આ નવી પહેલને ઉમળકાભેર વધાવી લીધી છે અને ઠેર-ઠેર મંત્રીશ્રીનું અભિવાદન થઈ રહ્યું છે.

રાજસ્થાનથી જથ્થો લાવ્યાની કબૂલાત

## ઉવારસદ બ્રિજ નીચે રિક્ષામાંથી 25000ના દારૂ સાથે મહિલા ઝડપાઈ

ગાંધીનગર

ગાંધીનગરની અડાલજ પોલીસે બાતમીના આધારે ઉવારસદ બ્રિજ પાસે વોચ ગોઠવીને રાજસ્થાનથી ટ્રેન મારફતે લવાયેલા વિદેશી દારૂના જથ્થા સાથે એક મહિલા બુટલેગર ઝડપી પાડી છે. મહિલા બુટલેગરે રિક્ષા ચાલકને અંધારામાં રાખી સામાનમાં ઘરવખરી હોવાનું કહી દારૂની હેરાફેરી કરી રહી હોવાનું પોલીસની વધુ તપાસમાં ખુલ્યું છે.

અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જી.દેસાઈની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન અન્નપુર્ણા સર્કલ પાસે પહોંચતા ચોક્કસ બાતમી મળી હતી કે, CNG રિક્ષા (નંબર GJ-18BU-8680) માં મહિલા કપડાની બેગની આડમાં વિદેશી દારૂનો જથ્થો લઈને પુંદ્રાસણ ચોકડીથી અમદાવાદ જઈ રહી છે.

આ બાતમીના આધારે પોલીસે ઉવારસદ બ્રિજ નીચે નાકાબંધી કરી હતી. આ દરમિયાન શંકાસ્પદ રિક્ષા આવતા પોલીસે તેને લાઠીના ઈશારે ઉભી રખાવી હતી. બાદમાં રિક્ષામાં તપાસ કરતા પાછળની સીટ પર ગીતાબેન સોલંકી (રહે. કુબેરનગર, અમદાવાદ) નામની મહિલા મળી આવી હતી. જેની પાસે કપડાની બેગની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતા.

ભાજપની 'વોશિંગ મશીન' પોલિટિક્સનો પર્દાફાશ

## ભંગારના જોડેલા સ્પેરપાર્ટ્સ પર 'કેસરી' રંગ ચડાવવાથી ગાડી નવી નથી થઈ જતી!



અમદાવાદ

ગુજરાત અને દેશના રાજકારણમાં અત્યારે એક વિચિત્ર મોડેલ ચાલી રહ્યું છે. જે નેતાઓ ગઈકાલ સુધી વિપક્ષમાં રહીને 'ભ્રષ્ટાચારી', 'બળાત્કારી', 'ડ્રગ્સ માફિયા' કે 'કાળાબજારિયા' કહેવાતા હતા, તે આજે ભાજપનો કેસરી ખેસ પહેરતા જ રાતોરાત 'દેશભક્ત' અને 'સનાતની' બની ગયા છે! પણ સવાલ એ છે કે, શું કબાડીના વાડામાંથી જુના ભંગાર પાર્ટ્સ ભેગા કરીને, એને એસેમ્બલ કરી તેના પર કેસરી પેઈન્ટ કરી દેવાથી એ ગાડી નવી કે ભરોસાપાત્ર બની જાય ખરી?

ભાજપ આજે દેશભરના વિપક્ષી નેતાઓને યેનકેન પ્રકારે પોતાની પાર્ટીમાં ભેળવી રહ્યો છે. આમાં સટોડિયાઓથી લઈને વેશ્યાના દલાલો સુધીના નામોની ચર્ચા છે. પરંતુ ભાજપે યાદ રાખવું જોઈએ કે લોખંડ પર ગમે તેવો મોંઘો રંગ ચડાવો, અંદરનો કાટ ક્યારેય જતો નથી. આ આયાતી નેતાઓ ગમે તેટલા જય શ્રી રામના નારા લગાવે, પણ છેવટે તો તેઓ પોતાના મૂળ ચરિત્ર પ્રમાણે જ ચાલવાના છે. શું આવા નેતાઓ ખરેખર સનાતની મૂલ્યોનું જતન કરી શકશે?

આજે દેશમાં એક અલિખિત નિયમ લાગુ થઈ ગયો હોય તેવું લાગે છે: 'તમે ભ્રષ્ટાચાર કરો, ચોરી-ચકારી કરો કે કાળા કામ કરો, ત્યાં સુધી વાંધો નથી જ્યાં સુધી તમે ભાજપના શરણમાં છો.' જો તમે વિપક્ષમાં રહીને વિરોધ કરશો, તો ED અને CBIના દરોડા માટે તૈયાર રહેજો, પણ જો ભાજપમાં જોડાઈ ગયા, તો તપાસની ફાઈલો પર ધૂળ જામી જશે. આ તે કેવો રાષ્ટ્રવાદ?

## ડિલિવરી બોયે અકસ્માતનું તરકટ રચી 80 હજારનો મોબાઈલ ઓળવી લીધો

ગાંધીનગર

ઓનલાઈન ડિલિવરી એપ્લિકેશનના ભરોસે મોંઘીદાટ વસ્તુઓ મોકલતા ગ્રાહકો અને વેપારીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો ગાંધીનગરમાં સામે આવ્યો છે. પોર્ટર એપ્લિકેશન દ્વારા મોબાઈલની હેરાફેરી કરવાના બહાને એક ડિલિવરી બોયે 80,000ની કિંમતનો સ્માર્ટફોન ઓળવી જઈને અકસ્માતનું નાટક રચી હાથ અધ્ધર કરી લેતાં સેક્ટર 7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગરના સરગાસણ ખાતે સ્માર્ટ ફોન કાફે ચલાવતા અંકિતાબેન કાંચડીયાએ તેમના સેક્ટર-21 સ્થિત સ્ટોર પરથી એક ગ્રાહક માટે વિવો એક્સ-300 એફ.ઈ. મોડલનો ફોન પોર્ટર મારફતે મંગાવ્યો હતો. ગઈકાલે 13 મેના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં રાજેશ રામગોપાલ કુશવાહ નામનો ડિલિવરી બોય પોતાની બાઈક પર આ કિંમતી મોબાઈલ લઈને રવાના થયો હતો.

PM મોદીએ 'પેટ્રોલ બચાવો'ની આપી સલાહ

## BJP નેતાઓએ કાફલા સાથે કાઢી રેલી! વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ

ગાંધીનગર

રાજકારણમાં 'શિખામણ બીજાને અને શિરો પોતે' જેવો ઘાટ અનેકવાર જોવા મળતો હોય છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દેશના હિતમાં અને પર્યાવરણના રક્ષણ માટે 'પેટ્રોલ-ડીઝલ બચાવવા' અને બિનજરૂરી વપરાશ ઘટાડવા અપીલ કરી હતી. પરંતુ, નવાઈની વાત એ છે કે સાહેબની આ સલાહને તેમના જ પક્ષના નેતાઓએ જાણે હવામાં ઉડાવી દીધી હોય તેમ જણાય છે.

વડાપ્રધાને જ્યારે જાહેર મંચ પરથી 'ઈંધણ બચત'નો મંત્ર આપ્યો, ત્યારે લોકોએ તેની સરાહના કરી હતી. પરંતુ આ અપીલના ૨૪ કલાક પણ વીત્યા નથી ત્યાં ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં ભાજપના નેતાઓના આલીશાન ગાડીઓના કાફલાઓ રસ્તા પર જોવા મળ્યા હતા.

એક તરફ મોંઘવારીની બૂમો છે, બીજી તરફ પેટ્રોલ બચાવવાની સલાહ છે, છતાં નેતાઓના સ્વાગત કે કાર્યક્રમોમાં ૧૫ થી ૨૦ લક્ઝરી એસયુવી (SUV) ગાડીઓનો કાફલો લાઈનબંધ દોડતો જોવા મળ્યો.

સામાન્ય માણસ જ્યારે એક-એક ટીપું પેટ્રોલ બચાવવા માટે સાયકલ કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો વિચાર કરે છે, ત્યારે નેતાઓનો આ ભપકો જોઈને જનતામાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

નેતાઓના કાફલાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકો પૂછી રહ્યા છે કે, 'શું પેટ્રોલ બચાવવાની જવાબદારી માત્ર સામાન્ય જનતાની જ છે? નેતાઓને આ નિયમો લાગુ પડતા નથી?'

આ ઘટનાને પગલે વિપક્ષને પણ ભાજપ પર પ્રહાર કરવાની તક મળી ગઈ છે. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે, 'ભાજપ માત્ર 'માર્ગદર્શન' આપવામાં માને છે, અમલ કરવામાં નહીં. પીએમની વાતને જો તેમના જ નેતાઓ ન માનતા હોય, તો સામાન્ય જનતા પાસે અપેક્ષા રાખવી કેટલી યોગ્ય છે?'

પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી

## વડોદરા માં મરાઠીવાડામાંથી 10 કિલોથી વધુ ગાંજો ઝડપાયો

7.87 લાખના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો

વડોદરા

વડોદરા શહેરને નશામુક્ત બનાવવા માટે શહેર પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તે દરમિયાન શહેર એસઓજીને મોટી સફળતા મળી છે. આજવા રોડ વિસ્તારના મરાઠીવાડામાં દરોડા દરમિયાન પોલીસે 10 કિલો 090 ગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો, 22 ગ્રામ હાઈબ્રીડ ગાંજો તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.7.87 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ એસઓજી દ્વારા નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS ગુનાની તપાસ દરમિયાન આરોપી મોહન નંદુ નીનામાની પૂછપરછમાં મહત્વની માહિતી મળી હતી. આરોપીએ રતલામથી ગાંજાનો જથ્થો ટ્રેન મારફતે વડોદરા લાવી આજવા રોડ વિસ્તારમાં રહેતા રીઝવાન યુસુફભાઈ દીવાનને વેચાણ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. આ માહિતીના આધારે એસઓજી પીઆઈ બી.ડી. જીતીયાની ટીમે આજવા રોડ, એકતાનગર સ્થિત આંબેડકરનગર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.

## હડાદમાં વરલી મટકાના જુગારના વિડીયો વાયરલના 10 દિવસ વિત્યા તેમ છતાં પોલીસ મૌન

■ વરસોથી એમ નામનો બ્લોચ, હિન્દુ ગરીબ લોકો સાથે છેતરપિંડી કરી જુગારના રવાડે ચડાવી દિવસના લાખો પડાવી રહ્યો છે

હડાદ

હડાદમાં વરસો થી વરલી મટકાના જુગાર ના વિવાદમાં રહ્યું છે ત્યારે થોડા દિવસ અગાઉ હડાદ બસ સ્ટેન્ડ ની બાજુમાં જ ખુલ્લેઆમ જુગાર નો વિડિયો વાયરલ થયો હતો તેમ છતાં પણ હડાદ પોલીસ કે એલસીબીએ કોઈપણ પ્રકારની તપાસ કે કાર્યવાહી કરવામાં ન આવી હતી હડાદ માં વર્ષોથી વરલી મટકાનો જુગાર ખુલ્લેઆમ ધમધમે છે ત્યારે પોલીસ અને એલસીબીને અનેકવાર જાણ કરવામાં આવી છે તેમ છતાં પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં નથી આવતી ત્યારે બનાસકાંઠા જિલ્લાના એસપી અને દાંતા ડિવિઝનના ડીવાયએસપી તાત્કાલિક તપાસ કરાવીને વરલી મટકાના જુગાર





ધામ બંધ કરાવે તે પણ જરૂરી બન્યું છે,અંતરિયાળ વિસ્તારોમાં રહેતા ગરીબ લોકો સાથે મુસ્લિમ સમાજના લોકો હિન્દુ લોકો વરલી મટકા ના જુગારના રવાડે ચડાવીને રોજના રોજ હજારો રૂપિયા ખંખેરીને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે ત્યારે આવા મુસ્લિમ સમાજના લોકો હડાદ અને હડાદ પોલીસ સ્ટેશનનું નામ ખરાબ કરતા હોય તેવા તત્વો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે ત્યારે હડાદ અને આજુબાજુના ગામડાઓની ભોળી પ્રજા સાથે વરલી મટકાના જુગાર રમાડીને હાલના યુવા ધનને બરબાદીના માર્ગે લઈ જવામાં આવે છે ત્યારે જિલ્લાના બનાસકાંઠાના એસપી અને દાંતા ડિવિઝનના ડીવાયએસપી તાત્કાલિક ધોરણે આવા તત્વો સામે યોગ્ય કાર્યવાહી કરાવીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે ત્યારે હવે એ જોવાનું રહ્યું કે આવા તત્વો ઉપર કાર્યવાહી થશે કે પછી હપ્તાના જોડે ચાલતું રહેશે તે જોવાનું રહ્યું.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 15 મે 2026 | અમદાવાદ

કેરળમાં કોંગ્રેસનો મોટો દાવ

# વી.ડી. સતીશનના હાથમાં સોંપાઈ કમાન!

## હાઈકમાન્ડની મહોર: કે.સી. વેણુગોપાલ રેસમાંથી બહાર, વી.ડી. સતીશન બનશે કેરળના નવા 'નાથ'!

તિરુવનંતપુરમ

છેલ્લા કેટલાય દિવસોથી કેરળના રાજકીય આકાશમાં મંડરાતી અટકળોના વાદળો આખરે વિખેરાઈ ગયા છે. કોંગ્રેસે આજે વિધિવત રીતે ધારાસભ્ય દળના નેતા તરીકે વી.ડી. સતીશનના નામની જાહેરાત કરી દીધી છે. આ જાહેરાતની સાથે જ હવે એ નક્કી થઈ ગયું છે કે સતીશન રાજ્યના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળશે.

કેરળમાં નેતૃત્વ પરિવર્તનને લઈને છેલ્લા ઘણા સમયથી ભારે મંથન ચાલી રહ્યું હતું. મુખ્યમંત્રી પદની આ હાઈપ્રોફાઈલ રેસમાં કોંગ્રેસના શક્તિશાળી મહાસચિવ કે.સી. વેણુગોપાલનું નામ પણ જોરશોરથી ચર્ચામાં હતું. જોકે, હાઈકમાન્ડે સ્થાનિક સ્તરે પકડ અને અનુભવને પ્રાધાન્ય આપીને સતીશન






પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.

અનુભવી ચહેરો: 61 વર્ષીય વી.ડી. સતીશન રાજકારણના જૂના જોગી છે. તેઓ પારાવુર વિધાનસભા બેઠક પરથી સતત છઠ્ઠી વાર ચૂંટણી જીતીને ધારાસભ્ય બન્યા છે.

વિપક્ષનો અનુભવ: અગાઉ વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે તેમણે સરકારને અનેકવાર ભીંસમાં લીધી હતી, જેનો ફાયદો હવે તેમને શાસક પક્ષના નેતા તરીકે મળશે.

ક્લીન ઈમેજ: પ્રખર વક્તા અને સ્વચ્છ છબી ધરાવતા સતીશન કેરળના લોકોમાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે.

રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે સતીશનની નિમણૂકથી કેરળ કોંગ્રેસમાં નવો પ્રાણ ફૂંકાશે. કે.સી. વેણુગોપાલ જેવા રાષ્ટ્રીય કદના નેતાને બદલે સતીશનને પસંદ કરીને કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ સ્થાનિક નેતૃત્વને મજબૂત કરવા માંગે છે. હવે જોવાનું એ રહેશે કે, અનુભવી સતીશન કેરળના વિકાસના રથને કેટલી ઝડપથી આગળ ધપાવે છે.

'આ હરકત સ્વીકાર્ય નથી'

# ઓમાનમાં ગુજરાતના જહાજ પર હુમલા અંગે ભારતનો જવાબ

નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ઓમાનના દરિયાકાંઠે એક ભારતીય ધ્વજ ધરાવતા કાર્ગો જહાજ પર ભયાનક હુમલો થયો છે. આ ઘટનાને પગલે ભારત સરકારે સખત શબ્દોમાં નિંદા કરતાં તેને 'અસ્વીકાર્ય' ગણાવી છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની અસર હવે વ્યાપારી જહાજો પર જોવા મળી રહી છે, જેનાથી આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગોની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પ્રાપ્ત પ્રાથમિક અહેવાલો મુજબ, ગુજરાતના દેવભૂમિ દ્વારકાના રહેવાસી સુલતાન અહેમદ અંસારની માલિકીનું કાર્ગો જહાજ MSV હાજી અલી 13મેના રોજ ઓમાનની જળસીમામાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી. સોમાલિયાના બર્બેરા પોર્ટથી શારજાહ જઈ રહેલા આ જહાજ પર ડ્રોન અથવા મિસાઈલ જેવા પ્રોજેક્ટાઈલથી હુમલો




કરવામાં આવ્યો હતો, જેના કારણે જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને અંતે તે દરિયામાં ડૂબી ગયું હતું. જહાજ પર હુમલો થતાંની સાથે જ સ્થાનિક સમય અનુસાર વહેલી સવારે 3:30 વાગ્યે જહાજ ઓમાનના દરિયાકાંઠે ફસાયું હતું. જોકે, રાહતના સમાચાર એ છે કે જહાજ પર સવાર તમામ 14 ભારતીય ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. ઓમાન કોસ્ટ ગાર્ડની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને તમામ ખલાસીઓનું સફળતાપૂર્વક સ્થળાંતર કર્યું હતું.

# મમતા બેનરજીનો હાઈકોર્ટમાં ભારે વિરોધ : ચોર-ચોરની નારેબાજી, ધક્કા-મુક્કી પણ કરાઈ

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીને ગુરુવારે કોલકાતા હાઈકોર્ટ પરિસરમાં ભારે વિરોધ અને સૂત્રોચ્ચારનો સામનો કરવો પડ્યો હતો. ચૂંટણી પછીની કથિત હિંસા સંબંધિત એક કેસમાં દલીલ કરવા પહોંચેલા મમતા બેનરજી જ્યારે કોર્ટરૂમમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે વકીલોના એક જૂથે તેમને ઘેરી લીધા હતા અને તેમની સામે 'ચોર-ચોર' ના નારા લગાવ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ સૂત્રોચ્ચાર દરમિયાન કેટલાક અપશબ્દોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે મમતાએ વકીલો તરફ ઈશારો કરતા કહ્યું કે આ લોકોએ મને મારી



છે. કોર્ટમાં મમતા બેનરજીએ કહ્યું કે બંગાળ કોઈ 'બુલડોઝર સ્ટેટ' નથી અને કાયદાના દાયરામાં રહીને જ કાર્યવાહી થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે રાજકીય બદલાની ભાવનાથી કેસોને જોવા જોઈએ નહીં. બીજી તરફ પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે તમામ ઘટનાઓ ચૂંટણી પછી થઈ નથી. આ સાથે જ તમામ કેસોમાં આરોપીઓ સામે નક્કર કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ગુરુવારે સવારે મુખ્ય ન્યાયાધીશ સુજય પાલની બેન્ચ સમક્ષ ચૂંટણી પછીની હિંસા સાથે જોડાયેલી એક જાહેર હિતની અરજી પર સુનાવણી હતી. વકીલ શીર્ષાન્ય બેનરજી દ્વારા દાખલ કરવામાં આવેલા આ કેસમાં મમતા બેનરજી પોતે એડવોકેટ તરીકે દલીલ કરવા સવારે લગભગ 11 વાગ્યે હાઈકોર્ટ પહોંચ્યા હતા. વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસની હાર બાદ બંગાળમાં ભાજપ પ્રથમ વખત સત્તા પર આવ્યું છે. ચૂંટણી પરિણામો બાદ રાજ્યના અનેક જિલ્લાઓમાં હિંસા, આગચંપી અને રાજકીય હુમલાના આક્ષેપો થયા હતા, જે અંગે હાઈકોર્ટમાં વિવિધ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા કહ્યું કે મમતા બેનરજીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે તેઓ બંગાળના લોકોને મુશ્કેલ સમયમાં ક્યારેય એકલા છોડતા નથી. પાર્ટીએ કહ્યું કે સત્ય, ન્યાય અને બંધારણીય મૂલ્યોની લડાઈમાં તેઓ સતત અગ્રેસર રહે છે.

# પહેલા 4 બાળકો ડૉક્ટર બન્યા, હવે 5મા માટે NEETનું પેપર ફોડ્યું?

નવી દિલ્હી

NEET-UG 2026 પેપર લીક મામલે કેન્દ્રીય તપાસ બ્યુરો(CBI)એ એક્શન મોડમાં આવીને પ્રથમ મોટી કાર્યવાહી કરી છે. રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપ(SOG) પાસેથી તપાસ સંભાળ્યાના માત્ર 24 કલાકમાં જ સીબીઆઈએ 5 શખ્સોની ધરપકડ કરી છે. આ ધરપકડ કરાયેલા લોકોમાં જયપુરના જમવા-રામગઢના એક જ પરિવારના ત્રણ સભ્યો - દિનેશ બિવાલ, તેનો ભાઈ માંગીલાલ બિવાલ અને માંગીલાલનો પુત્ર વિકાસ બિવાલ સામેલ છે. આ ઉપરાંત ગુરુગ્રામથી યશ યાદવ અને નાસિકથી શુભમ ખૈરનારની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી વિકાસે ગયા વર્ષે પણ નીટની પરીક્ષા આપી હતી પરંતુ તે નાપાસ થયો હતો. આ વર્ષે પણ તેની પાસ થવાની શક્યતા ઓછી હોવાથી પેપર લીકનો સહારો લેવામાં આવ્યો હોવાની શંકા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બિવાલ પરિવાર તપાસના ઘેરામાં એટલે આવ્યો કારણ કે આ પરિવારના ચાર બાળકો વર્ષ 2025માં નીટ પાસ કરી ચૂક્યા છે અને હાલ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરી રહ્યા છે.

# વૈશ્વિક તણાવ વચ્ચે ભારતનો મોટો દાવ : રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવા અમેરિકા પાસે માંગી છૂટછાટ

નવી દિલ્હી

મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ)માં વધી રહેલા સૈન્ય સંઘર્ષ અને યુદ્ધના ભણકારા વચ્ચે ભારતે પોતાની ઊર્જા સુરક્ષા (Energy Security) સુનિશ્ચિત કરવા માટે રાજદ્વારી સ્તરે મોટું કદમ ઉઠાવ્યું છે. ભારત સરકારે અમેરિકા સમક્ષ સ્પષ્ટ માંગ કરી છે કે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે મળેલી વિશેષ છૂટછાટને લંબાવવામાં આવે.

ભારતની પ્રાથમિકતા: દેશની ઊર્જા સુરક્ષા અને અર્થતંત્ર

ભારતે અમેરિકાને મક્કમ શબ્દોમાં જણાવ્યું છે કે, હાલની વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારત માટે પોતાની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવી સૌથી મોટી પ્રાથમિકતા છે. જો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ઓઈલના ભાવ વધશે, તો તેની સીધી અસર ભારતીય અર્થતંત્ર અને કરોડો નાગરિકોના ખિસ્સા પર પડશે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા તણાવને લીધે સપ્લાય ચેઈન ખોરવાઈ છે, ત્યારે ભારત રશિયા જેવા ભરોસાપાત્ર વિકલ્પને છોડી શકે તેમ નથી.

શું છે આ 'સ્પેશિયલ ડિસ્કાઉન્ટ' અને



છૂટછાટ?

રશિયા-યુક્રેન યુદ્ધ બાદ અમેરિકા અને પશ્ચિમી દેશોએ રશિયા પર અનેક પ્રતિબંધો લાદ્યા હતા. જોકે, ભારતના મજબૂત પક્ષને જોતા અમેરિકાએ માર્ચમાં રશિયા પાસેથી તેલ ખરીદવાની વિશેષ છૂટ આપી હતી.

* વર્તમાન સમયસીમા: આ છૂટની મર્યાદા હાલ 16 મે 2026 સુધીની છે.
* ભારતને ફાયદો: રશિયા પાસેથી રાહત દરે (ડિસ્કાઉન્ટમાં) મળતા તેલને કારણે જ દેશમાં મોંઘવારી અંકુશમાં રહી છે અને સામાન્ય જનતાને પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટી રાહત મળી છે.

હોર્મુઝ સ્ટ્રેટનું સંકટ અને રશિયાનો વિકલ્પ

મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને અન્ય દેશો વચ્ચેના સંઘર્ષને કારણે તેલનો પુરવઠો જોખમમાં છે. આવી સ્થિતિમાં ભારત ઈચ્છે છે કે રશિયા સાથેનો વેપાર અવરોધ વિના ચાલુ રહે. રશિયા હાલ ભારતનું સૌથી મોટું ઓઈલ સપ્લાયર બની ગયું છે, અને આ સંબંધો જાળવી રાખવા ભારત કોઈપણ દબાણને વશ થયા વિના પોતાના રાષ્ટ્રીય હિતને આગળ ધરી રહ્યું છે.

મનમોહન સિંહનાએ શબ્દો આજે પણ ગુંજે છે રાજકારણના ગલિયારામાં!

# "જો નરેન્દ્ર મોદી PM બનશે તો દેશ માટે 'ડિઝાસ્ટર' સાબિત થશે"

અમદાવાદ

વર્ષ 2014... દેશમાં પરિવર્તનની લહેર હતી અને દશકા લાંબી યુપીએ સરકાર વિદાય લઈ રહી હતી. એ સમયે શાંત અને ગંભીર સ્વભાવના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહે સત્તા છોડતી વખતે એક એવી વાત કહી હતી જેણે આખા દેશમાં ચર્ચા જગાવી હતી. તેમણે કોઈ લાંબુ ભાષણ આપવાને બદલે માત્ર એક જ વાક્યમાં પોતાની ચિંતા વ્યક્ત કરી હતી કે:

'હું ઝાઝું તો કંઈ નથી કહેતો, પણ બસ એટલું જ કહીશ કે જો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો તે ભારત માટે 'ડિઝાસ્ટર' (આફત) સાબિત થશે.'

મનમોહન સિંહ, જેઓ પોતે એક પ્રખર અર્થશાસ્ત્રી છે, તેમણે આ વિધાન પાછળ દેશની સામાજિક એકતા અને આર્થિક નીતિઓ તરફ ઈશારો કર્યો હતો. તેમના મતે મોદીની કાર્યશૈલી અને વિચારધારા ભારત જેવા



વિવિધતા ધરાવતા દેશ માટે લાંબા ગાળે નુકસાનકારક હોઈ શકે છે.

આજે જ્યારે આપણે 2024 વટાવી 2026 માં છીએ, ત્યારે આ વાક્ય ફરી સોશિયલ મીડિયા અને રાજકીય ચર્ચાઓમાં કેન્દ્રસ્થાને છે.

એક પક્ષનું માનવું છે: નોટબંધી, GST નું અમલીકરણ અને વધતી જતી મોંઘવારી એ મનમોહન સિંહની 'ડિઝાસ્ટર' વાળી વાતની સાબિતી છે.

બીજો પક્ષ કહે છે: મોદી શાસનમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું અને વૈશ્વિક ફલક પર ભારતનો દબદબો વધ્યો, જે મનમોહન સિંહના અનુમાનને ખોટું સાબિત કરે છે.

રાજકારણમાં શબ્દોની કિંમત સમય નક્કી કરે છે. મનમોહન સિંહનું એ નિવેદન માત્ર એક વ્યક્તિગત ટિપ્પણી નહોતી, પરંતુ બે અલગ-અલગ રાજકીય વિચારધારાઓ વચ્ચેનો સીધો ટકરાવ હતો. 'પાક્કો ગુજરાત' ના વાચકો માટે સવાલ એ છે કે - શું તમે માનો છો કે મનમોહન સિંહની એ વાત સાચી પડી? કે પછી ભારતે નવી ઊંચાઈઓ સર કરી?

પ્રકાશ રાજે રાહુલ ગાંધી પાસે માંગી ન્યાયની આશા

# તેલંગાણામાં રાજકીય ગરમાવો : કેન્દ્રીય મંત્રીના પુત્ર સામે POCSO હેઠળ ગુનો નોંધાયો

હૈદરાબાદ

તેલંગાણામાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારના પુત્ર બંદી ભગીરથ સાંઈ વિરુદ્ધ સગીર બાળકી પર જાતીય હુમલાનો ગંભીર આરોપ લાગતા ખળભળાટ મચી ગયો છે. આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) તપાસના આદેશ તો અપાયા છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ ન થતા પીઢ અભિનેતા પ્રકાશ રાજે રાજ્યની કોંગ્રેસ સરકાર અને રાહુલ ગાંધી વિરુદ્ધ મોરચો માંડ્યો છે.

શું છે સમગ્ર મામલો?

કેન્દ્રીય મંત્રીના પુત્ર ભગીરથ સાંઈ વિરુદ્ધ પોક્સો (POCSO) એક્ટ હેઠળ એફ.આઈ.આર. (FIR) નોંધવામાં આવી છે. સગીરા પર જાતીય સતામણીના ગંભીર આક્ષેપો હોવા છતાં, પોલીસ દ્વારા અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કે ધરપકડ કરવામાં આવી નથી. આ મુદ્દે તેલંગાણાના રાજકારણમાં ભારે ઉથલપાથલ જોવા



મળી રહી છે. વિપક્ષો અને સામાજિક કાર્યકરો સત્તાધારી પક્ષ અને પોલીસની ભૂમિકા પર સવાલ ઉઠાવી રહ્યા છે.

પ્રકાશ રાજની તીખી પ્રતિક્રિયા

પોતાની નિડરતા માટે જાણીતા 61 વર્ષીય અભિનેતા પ્રકાશ રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક આક્રમક પોસ્ટ કરી છે. તેમણે આ પોસ્ટમાં સીધા જ તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીને ટેગ કરીને ન્યાયની માંગ કરી છે.

પ્રકાશ રાજે પોસ્ટમાં જણાવ્યું છે કે:

કોંગ્રેસ સરકાર પર ઉઠ્યા સવાલો

તેલંગાણામાં કોંગ્રેસની સરકાર હોવાથી અને રાહુલ ગાંધી રાષ્ટ્રીય સ્તરે મહિલા સુરક્ષા અને ન્યાયની વાતો કરતા હોવાથી, પ્રકાશ રાજની આ અપીલે કોંગ્રેસને ભીંસમાં મૂકી છે. લોકો પૂછી રહ્યા છે કે જો FIR થઈ ચૂકી છે, તો ધરપકડ કરવામાં વિલંબ કેમ? શું કેન્દ્રીય મંત્રીના પુત્ર હોવાને કારણે પોલીસ પર કોઈ દબાણ છે?

હાલમાં SIT આ મામલે તપાસ કરી રહી છે, પરંતુ પ્રકાશ રાજની આ પોસ્ટ બાદ આ મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. હવે જોવાનું એ રહેશે કે રેવંત રેડ્ડી સરકાર આ મામલે કેટલી ઝડપથી કડક પગલાં ભરે છે.

# મધ્યપ્રદેશના અશોકનગરમાં પોલીસે હાઈ-પ્રોફાઈલ કપલની કરી ધરપકડ

## ઇન્સ્ટાગ્રામ પર ઇશ્ક, ટેટૂ સ્ટુડિયોમાં વીડિયો અને 1.30 કરોડની લૂંટ!

અશોકનગર

સોશિયલ મીડિયાના માધ્યમથી હનીટ્રેપ અને બ્લેકમેલિંગનો એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે સાંભળીને ભલભલાના હોશ ઊડી જાય. મધ્યપ્રદેશના અશોકનગરમાં પોલીસે એક એવા હાઈ-પ્રોફાઈલ કપલની ધરપકડ કરી છે જેઓ નિર્દોષ લોકોને પ્રેમજાળમાં ફસાવી, તેમના અશ્લીલ વીડિયો બનાવી કરોડો રૂપિયા પડાવતા હતા. આ ગેંગની માસ્ટરમાઈન્ડ આયુષી ચૌહાણ અને તેનો પતિ આકાશ ચૌહાણ અત્યારે પોલીસના સકંજામાં છે. આ કપલની મોડસ ઓપરેન્ડી કોઈ ફિલ્મી વિલન જેવી હતી. તેઓ પહેલા ઈન્સ્ટાગ્રામ પર ટાર્ગેટ શોધી મિત્રતા કેળવતા હતા. ત્યારબાદ શારીરિક સંબંધો બાંધી, ટેટૂ સ્ટુડિયોમાં છુપા કેમેરા લગાવી અશ્લીલ વીડિયો શૂટ કરી લેતા હતા. વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને આ નરાધમોએ એક પીડિત યુવતી પાસેથી અંદાજે 1 કરોડ 30 લાખ રૂપિયા પડાવી લીધા હતા. ઠગાઈના પૈસાથી આ દંપતી એટલું લક્ઝરી જીવન જીવતું હતું કે જાણીને નવાઈ લાગશે. આયુષી ચૌહાણ ચાંદીના ચંપલ પહેરતી અને ચાંદીનું પર્સ રાખતી હતી. સૌથી મોટી વિડંબના એ છે કે, આટલા લોકોની જિંદગી બરબાદ કર્યા પછી પોતાના પાપ ધોવા માટે આ દંપતી નેપાળ અને ભારતના વિભિન્ન મંદિરોમાં જઈને ભંડારા અને દાન-પુણ્યનું નાટક કરતું હતું.

પોલીસે આ હાઈ-ફાઈ ઠગ ટોળકી પાસેથી અંદાજે 70 લાખની મિલકત જપ્ત કરી છે, જેમાં સામેલ છે: નવી નક્કોર મહિન્દ્રા થાર ગાડી. એપલના મોંઘા લેપટોપ અને આઈફોન. સોના-ચાંદીના કિંમતી દાગીના અને રોકડ રકમ.

તપાસમાં બહાર આવ્યું છે કે આ માત્ર બે લોકોનું કામ નથી. આ ગેંગમાં એક તાંત્રિક યુવતી અને ટેટૂ આર્ટિસ્ટ પણ સામેલ હતા, જેઓ લોકોને ડરાવવામાં અને વીડિયો શૂટ કરવામાં મદદ કરતા હતા.

# "દેશ સુરક્ષિત હાથોમાં છે..." પણ શું સામાન્ય જનતાના સવાલો સુરક્ષિત છે?

## મોટી સિદ્ધિઓના શોરબકોર વચ્ચે મોંઘવારી, પેપર લીક અને બેરોજગારીથી પીડાતા યુવાનોની વેદના સાંભળશે કોણ?

અમદાવાદ

આજકાલ દરેક મંચ, ભાષણ અને જાહેરાતોમાં એક જ વાત સાંભળવા મળે છે કે– 'દેશ સુરક્ષિત હાથોમાં છે.' વિકાસની વાતો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશ્વ સ્તરે ભારતનો વધતો પ્રભાવ ચોક્કસપણે ગર્વની બાબત છે. પરંતુ, આ ચમકદાર નારાઓ પાછળ એ સામાન્ય માણસની આંસુ ભરેલી આંખો પણ જોવી જરૂરી છે, જે દરરોજ પોતાની મોંઘવારી અને ભવિષ્યની ચિંતાઓ સાથે લડી રહ્યો છે.

જ્યારે આપણે રાષ્ટ્ર નિર્માણની વાત કરીએ છીએ, ત્યારે યુવાનો તેનો પાયો હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી જે રીતે સરકારી પરીક્ષાઓના પેપર લીક થઈ રહ્યા છે, તેણે લાખો વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફેરવી દીધું છે.

સવાલ: શું એ વિદ્યાર્થી રાષ્ટ્રભક્ત નથી જેણે પોતાની ઊંઘ અને સુખ-ચેન ત્યાગીને રાત-દિવસ એક કર્યા છે?

વાસ્તવિકતા: જ્યારે કોઈ ગરીબ મા-બાપનો દીકરો પરીક્ષા આપીને બહાર આવે અને ખબર પડે કે તેનું ભવિષ્ય થોડાક રૂપિયામાં વેચાઈ ગયું છે, ત્યારે તેની નારાજગી કોઈ રાજકીય પક્ષ પૂરતી સીમિત નથી હોતી, પણ તે આખી સિસ્ટમ પરનો ભરોસો ગુમાવી બેસે છે.

એક તરફ દેશની ઈકોનોમી ટ્રિલિયન ડોલર બનવાની ઉજવણી થઈ રહી છે, તો બીજી તરફ મધ્યમ અને ગરીબ વર્ગ આજે પણ ગેસ સિલિન્ડરના ભાવ, બાળકોની સ્કૂલ ફી અને હોસ્પિટલના ખર્ચમાં અટવાયેલો છે.

સરકાર રસ્તાઓ પહોળા કરે છે તે સારી વાત છે, પણ સામાન્ય માણસની થાળીમાંથી દાળ-શાક ઓછા થઈ રહ્યા છે તેનું શું?

રોજગારીની શોધમાં ભટકતો યુવાન આજે 'વિકાસ'ના નારાઓ વચ્ચે પોતાનું અસ્તિત્વ શોધવા મજબૂર બન્યો છે.

જ્યારે જનતા પોતાની પાયાની જરૂરિયાતો પર સવાલ ઉઠાવે છે, ત્યારે તેને 'રાજનીતિ'નું નામ આપીને અવગણવામાં આવે છે. ખરી દેશભક્તિ: સરકાર જ્યાં સારું કામ કરે ત્યાં તેની પ્રશંસા થવી જ જોઈએ, પણ જ્યાં ખામી હોય ત્યાં અવાજ ઉઠાવવો એ જ સાચી દેશભક્તિ છે. દેશભક્તિ એટલે માત્ર સમર્થન કરવું એવું નથી, પણ દેશ અને જનતાના હિતમાં સત્ય બોલવું એ પણ છે. 'દેશ કોઈપણ રાજકીય પક્ષ કરતા મોટો હોય છે. જનતાની મહેનત, યુવાનોનું ભવિષ્ય અને સામાન્ય માણસની રોજીરોટી કોઈપણ રાજનીતિ કરતા વધુ મહત્વની છે.' સત્તા આવે છે અને જાય છે, પક્ષો બદલાતા રહે છે, પણ દેશ અમર છે. ભારતનો સાચો વિકાસ ત્યારે જ ગણાશે જ્યારે આંકડાઓમાં નહીં, પણ સામાન્ય માણસના ખિસ્સામાં અને યુવાનોની આંખોમાં આત્મવિશ્વાસ દેખાશે.


રાજનીતિના મેદાનમાં ભલે ગમે તે ખેલ રમાય, પણ જનતાનો પરસેવો અને વિદ્યાર્થીઓની આશાઓ કચડાવી ન જોઈએ.

## તંત્રી લેખ...

# વિચારધારા: સાચી નિર્ધનતા પૈસાની ખોટ નથી, પણ સંબંધોની શૂન્યતા છે

આપણે સામાન્ય રીતે 'ગરીબ' કે 'નિર્ધન' કોને કહીએ છીએ? જેની પાસે બેંક બેલેન્સ નથી, મોંઘી ગાડી નથી કે આલીશાન મકાન નથી. પરંતુ જીવનના ગણિતમાં નિર્ધનતાની વ્યાખ્યા તદ્દન અલગ છે. ખરેખર તો માણસ ત્યારે નિર્ધન નથી થતો જ્યારે તેની પાસે સંપત્તિ ખૂટી જાય છે, પણ માણસ ત્યારે કંગાળ બની જાય છે જ્યારે લોકો તેની પાસે 'માંગવાનું' બંધ કરી દે છે.

જ્યારે તમારી ઉપયોગિતા શૂન્ય થાય, ત્યારે સમજવું કે તમે નિર્ધન છો




કોઈ તમારી પાસે ક્યારે આવે? જ્યારે તમારી પાસે આપવા માટે કંઈક હોય. અહીં માત્ર રૂપિયા-પૈસાની વાત નથી. જો કોઈ તમારી પાસે પ્રેમ માંગતું બંધ થઈ જાય, જો કોઈ તમારી પાસે તમારો સમય ન માંગે, કે જો કોઈ મુસીબતમાં તમારી સહાય લેવાનું ટાળે, તો સમજી લેવું કે જીવનની સાચી મૂડી તમે ગુમાવી દીધી છે.

સંબંધોનું રોકાણ જ અસલી સંપત્તિ

* પ્રેમની માગણી: જો તમારા સ્વજનો તમારી પાસે પ્રેમ કે હૂંફની અપેક્ષા રાખતા બંધ થઈ જાય, તો એનો અર્થ એ છે કે તમે લાગણીઓના મામલે દેવાળિયા થઈ ગયા છો.

* સમયની કિંમત: કોઈ એમ કહે કે 'તારી પાસે સમય ક્યાં છે?' એ ફરિયાદ નથી, પણ એક ચેતવણી છે. જ્યારે લોકો તમારો સમય માંગવાનું છોડી દે, ત્યારે સમજવું કે તમે ભીડમાં પણ એકલા છો.

* મદદનો હાથ: તમારી પાસે મદદ માંગવા આવનાર વ્યક્તિ તમારા પર વિશ્વાસ મૂકે છે. જે દિવસે લોકો તમને મદદ માટે લાયક ગણવાનું બંધ કરે, તે દિવસે તમારી સામાજિક પ્રતિષ્ઠાનું પતન શરૂ થાય છે.

* 'ખિસ્સું ખાલી હોય તો દુનિયા સામે લડી શકાય છે, પણ જો હૃદય ખાલી થઈ જાય તો માણસ અંદરથી ભાંગી પડે છે.'

જીવનમાં એટલું જરૂર કમાજો કે લોકો તમારી પાસે અપેક્ષા રાખી શકે. જેની પાસે માંગનારાઓની લાઈન લાગે છે, તે જ ખરા અર્થમાં 'શ્રીમંત' છે. પછી ભલે એ માંગણી પ્રેમની હોય, સલાહની હોય કે સાથની હોય.

તેથી જ, તમારી પાસે જ્યારે કોઈ કંઈ માંગે ત્યારે કંટાળવાને બદલે રાજી થજો કે ઈશ્વરે તમને હજુ 'ધનવાન' રાખ્યા છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# આઈપીએલમાં બેફામપણા પર અંકુશ ખૂબ જરુરી

**બીસીસીઆઈનું આ પહેલુ સમયોચિત છે અને ખેલાડીઓ ખુદને રમત કરતાં મોટા સમજવા લાગે અને નાણાંની બોલબાલા વધે એ પહેલાં મારેલી આ બ્રેક સફળ રહે એમાં સૌનું હિત છે**

વિશ્વના સૌથી ધનાઢ્ય ભારતીય ક્રિકેટ બોર્ડે નાણાંનો વરસાદ કરતી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં શિસ્તનો અભાવ તથા ખેલાડીઓ, ફ્રેન્ચાઈઝ ટીમ માલિકો અને અધિકારીઓ તથા સંબંધિત લોકો દ્વારા પ્રોટોકોલ ભંગની ઘટનાઓ જોતાં બીસીસીઆઈના એન્ટિ-કરપ્શન વિભાગે કેટલીક બાબતો તરફ આંગળી ચીંધવા સાથે મેચ ફિક્સિંગ, હની ટ્રેપ, ખેલાડીઓની સુરક્ષા, ગેરકાયદે આર્થિક વહેવારને મોકળું મેદાન મળવાની શક્યતા પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે, આથી બીસીસીઆઈએ 10 કડક નિયમની યાદી આઈપીએલના 10 ફ્રેન્ચાઈઝી માલિકને પાઠવવા ઉપરાંત અલ્ટિમેટમ આપતાં કહ્યું છે કે, આ નિયમોનું ઉલ્લંઘન થશે તો તેનું પરિણામ સારું નહીં આવે. આઈપીએલ સ્પર્ધામાં શરૂઆતમાં પાર્ટી કલ્ચર અને ગ્લેમરની રેલમછેલને પગલે કેટલાક કાંડ થયા બાદ આ બધું બંધ થયું. બીસીસીઆઈને સૌથી વધુ વાંધો ખેલાડીઓની ગર્લફ્રેન્ડ્સનો, ટીમની હોટેલ, મેદાન અને જ્યાં માત્ર ખેલાડીઓને જ પ્રવેશ હોય છે એવી જગ્યાઓએ મુક્ત અવરજવર સામે છે. ખેલાડીઓ કોની સાથે ડેટ કરે છે, લગ્ન વિના લિવ-ઈનમાં રહે છે કે જાહેરમાં પ્રેમનું પ્રદર્શન કરે છે, એ તેની વ્યક્તિગત બાબત છે, એમાં ચાહકો કે ક્રિકેટ બોર્ડને કોઈ લેવા-દેવા ન હોવા જોઈએ, પણ ટીમની માટિંગ્સ તથા હોટેલ્સમાં




ગર્લફ્રેન્ડની અનિયંત્રિત હાજરી ચિંતાનો વિષય છે. વળી, મેચ દરમિયાન આવી જગ્યાઓએ કોણ આવી શકે અને કોણ નહીં એની સ્પષ્ટ નિયમાવલિ હોય છે અને ખેલાડીઓના ડ્રાસિંગ રૂમ કે ડગઆઉટમાં લોકોની ભીડ વધી રહી છે, એ જોતાં બીસીસીઆઈનાં ભવાં તણાયાં છે. આ વખતે આઈપીએલ દરમિયાન અનેક બાબતો વાયરલ થઈ છે, રાજસ્થાન રોયલ્સનો સુકાની રિયાન પરાગ મેચ દરમિયાન ડ્રાસિંગ રૂમમાં વાપિંગ કરતો કેમેરા પર ઝડપાઈ ગયો હતો. ભારતમાં વાપિંગ પર પ્રતિબંધ છે અને દંડનીય અપરાધ છે. રિયાનને મેચ ફીના 25 ટકા અને એક ડીમેરિટ પોઈન્ટ જેવો હળવો દંડ કરી છોડી દેવાયો છે. આ ઉપરાંત, રાજસ્થાનની ટીમ મેનેજમેન્ટના એક સભ્ય મેદાન પર સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતો જોવા મળ્યો અને એ પછી આ જ ટીમનો બોલર યુઝવેન્દ્ર ચહલ તો ફ્લાઈટમાં વાપિંગ કરતો જોવા મળ્યો હતો. ખેલાડીઓ અને ટીમો સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ નાખવા માટે અને ફોલોઅર્સ વધારવા માટે મેદાન અને ટીમની માટિંગોમાંથી રીલ્સ અને લાઈવ કરતા થઈ ગયા છે. આઈપીએલમાં ક્રિકેટની ઓછી અને અન્ય બાબતોની ચર્ચા જ વધુ હોય છે અને આ વખતે તો હદ જ થઈ ગઈ છે. કેટલીક ટીમના માલિકોનું વર્તન, ખેલાડીઓ સાથે તેમનું વર્તન, ટીમની અંદર ખેલાડીઓ વચ્ચે અણબનાવ તથા શિસ્તનો સદંતર અભાવ આ વખતની જાણે કે હાઈલાઈટ્સ છે. બીસીસીઆઈનું આ પહેલુ સમયોચિત છે અને ખેલાડીઓ ખુદને રમત કરતાં મોટા સમજવા લાગે અને નાણાંની બોલબાલા વધે એ પહેલાં મારેલી આ બ્રેક સફળ રહે એમાં સૌનું હિત છે.

# `નીટ' પરીક્ષાર્થીઓનાં ભાવિ સાથે ગંભીર ચેડાં

દેશભરના તેજસ્વી વિદ્યાર્થીનાં ભવિષ્ય માટે ચાવીરૂપ પ્રવેશ પરીક્ષા ફરી એક વખત વિવાદમાં છે. મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની નીટ (યુજી) પરીક્ષાને તેનાં પ્રશ્નપત્ર લીક થયાનું સામે આવતાં રદ કરવાની ફરજ પડી છે. લગભગ બાવીસ લાખથી વધુ વિદ્યાર્થીઓની તૈયારીની સામે આવેલા આ અંતરાયે ભારે વિરોધ જગાવ્યો છે. સરકારે આખા મામલાની તપાસ સીબીઆઈને સોંપી દીધી છે અને આ રદ કરાયેલી પરીક્ષા આગામી સમયમાં યોજવાની હૈયાધારણ પણ આપી છે. નવેસરથી લેવાનારી પરીક્ષા માટે વિદ્યાર્થીઓને નવી ફી કે ફોર્મની આવશ્યકતા નહીં રહે એવી જાહેરાત પણ સરકારે કરી છે. જો કે, આ ચર્ચાસ્પદ પ્રકરણથી પરીક્ષાર્થીઓ પર મનોવૈજ્ઞાનિક રીતે પડી રહેલી અસર સામે સરકાર પાસે કોઈ જવાબ નથી.દેશભરમાં ઉચ્ચ શિક્ષણ માટે અનિવાર્ય પ્રવેશ




પરીક્ષાનું સંચાલન કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા ત્રીજી મેના મેડિકલ અભ્યાસ માટેની શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશની પરીક્ષા યોજાઈ હતી. આ આયોજન તે સમયે સમુંસૂતરું પાર પડી ગયાનું જણાતાં એનટીએ અને સરકારે રાહતના શ્વાસ લીધા હતા, પણ મંગળવારે આ પ્રતિષ્ઠિત પરીક્ષાનાં પ્રશ્નપત્ર લીક થયાનું સામે આવતાં તેને રદ કરવાની જાહેરાત થઈ છે. દેશભરમાં ઉગ્ર પ્રત્યાઘાત પડયા અને વિરોધપક્ષોને સરકાર સામે ઉગામવા શત્ર મળી ગયું છે. નાગરિકોમાંય નિરાશા છે, કેમ કે અતિ ઉચ્ચ સ્તરની પરીક્ષા માટે છાત્રોએ ભારે મહેનત માગી લેતી તૈયારી કરી હોય છે. મોંઘી ટયુશન ફીથી લઈને કિંમતી સમય પણ ખર્ચ્યો હોય છે. પ્રશ્ન એ છે કે સરકાર નવી પરીક્ષા માટે ભલે નવી ફી ન લે કે વ્યવસ્થા સરળ રાખે, પણ પરિશ્રમ અને વધારાના ખર્ચની ભરપાઈ કઈ રીતે થશે? મેડિકલ ઉપરાંત એન્જિનીયરંગના અભ્યાસક્રમો માટેની નીટ, જેઈઈ, નેટ અને યુજીસી પરીક્ષાનું સંચાલન કરતી એનટીએ દ્વારા આ પ્રથમ છબરડો છે એમ નથી. છેલ્લાં થોડાં વર્ષોથી આવા નાના - મોટા કિસ્સા સામે આવતા રહે છે. 2024માં પરીક્ષા દરમ્યાન અન્ય ભાષાનાં પ્રશ્નપત્રો અપાયાંની ફરિયાદ સામે આવી હતી. તે સમયે ગ્રેસ માર્ક્સ આપવાની વાત થઈ, જે છેક પેપર લીક સુધી પહોંચી હતી. જો કે, પરીક્ષાને રદ કરાઈ ન હતી. 2018માં એનટીએની સ્થાપના થઈ ત્યારથી તેની સામે આરોપો લાગતા રહ્યા છે. જો કે, આ વખતનો કિસ્સો અત્યાર સુધીનો સૌથી ગંભીર અને ચિંતાજનક છે. એનટીએનો દાવો છે કે આ વખતે પરીક્ષાનાં આયોજનમાં ભારે ગુપ્તતા જાળવવામાં આવી હતી. જીપીએસ ટ્રેકિંગ ધરાવતાં વાહનોમાં પ્રશ્નપત્રો લઈ જવાયાં હતાં. સાથોસાથ, પરીક્ષા કેન્દ્રોમાં એઆઈ આધારિત સીસી ટીવી કેમેરાથી સજ્જ મધ્યસ્થ કન્ટ્રોલરૂમ કાર્યરત કરાયા હતા, પણ કડવી વાસ્તવિકતા એ છે કે આટલી બધી જડબેસલાક વ્યવસ્થા હોવા છતાં પ્રશ્નપત્ર વ્યાપક રીતે લીક થયું. સરકારે પરીક્ષા રદ કરવાની સાથોસાથ પેપર લીકની તપાસ સીબીઆઈને સોંપી છે. આ સંદર્ભમાં અમુક નામો સામે આવ્યાં છે અને ધરપકડ પણ થઈ છે. જો કે, સવાલ એ છે કે પરીક્ષાનાં આયોજનને આવાં લીકથી બચાવવા માટે સરકાર કે એનટીએ પાસે કોઈ અસરકારક ઉપાય હજી જણાતો નથી. સ્વાભાવિક રીતે પરીક્ષાને રદ કરવાના નિર્ણયનો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે વિરોધ થયો છે. કોંગ્રેસે દેશવ્યાપી રાજકીય દેખાવો પણ કર્યા છે. જો કે, એક વખત પરીક્ષા આપ્યા બાદ તેના ભારને છોડી ચૂકેલા યુવાન પરીક્ષાર્થીઓની માનસિક હાલત તરફ પણ ખાસ ધ્યાન અપાવાની જરૂરત છે. કેન્દ્ર સરકાર માટે આ પ્રકારનો બનાવ આંતરરાષ્ટ્રીયસ્તરે ક્ષોભજનક કહી શકાય. દેશભરના તેજસ્વી વિદ્યાર્થીનાં ભવિષ્ય માટે ચાવીરૂપ પ્રવેશ પરીક્ષા ફરી એક વખત વિવાદમાં છે. મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની નીટ (યુજી) પરીક્ષાને તેનાં પ્રશ્નપત્ર લીક થયાનું સામે આવતાં રદ કરવાની ફરજ પડી છે. લગભગ બાવીસ લાખથી વધુ વિદ્યાર્થીઓની તૈયારીની સામે આવેલા આ અંતરાયે ભારે વિરોધ જગાવ્યો છે. સરકારે આખા મામલાની તપાસ સીબીઆઈને સોંપી દીધી છે અને આ રદ કરાયેલી પરીક્ષા આગામી સમયમાં યોજવાની હૈયાધારણ પણ આપી છે.

# તમે પણ આખો દિવસ ACમાં બેસો છો તો થઈ જાઓ સાવધાન

આજકાલ એરકંડિશનર (AC) આપણા રોજિંદા જીવનનું એક મહત્વપૂર્ણ ભાગ બની રહ્યુ છે. ઘરથી લઈને ઓફિસ સુધી, દિવસનો મોટાભાગનો સમય ACમાં પસાર થાય છે. તેના પોતાના ફાયદા છે, પરંતુ કેટલાક નુકસાન પણ છે. સતત ઠંડી અને સૂકી હવામાં રહેવાથી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. સાથે જ, બંધ રૂમનું વાતાવરણ અને તાપમાનમાં વારંવાર થતા ફેરફારો સ્વાસ્થ્ય માટે પડકારરૂપ બની શકે છે. આવી સ્થિતિમાં, ACના ઉપયોગ સાથે તમારા સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ACની ઠંડી-સૂકી હવા ત્વચા અને શ્વસન માર્ગને સૂકવી શકે છે. સતત ઠંડા તાપમાનમાં રહેવાથી શરીરની થર્મોરેગ્યુલેશન પ્રક્રિયા ધીમી પડી જાય છે. ઓછા વેન્ટિલેશનવાળા રૂમમાં કાર્બન ડાયોક્સાઈડ અને ઈન્ડોર પ્રદૂષણ વધી શકે છે. એર ફ્લોની સામે બેસવાથી આંખોમાં શુષ્કતા અને બળતરા થઈ શકે છે. તાપમાનમાં વારંવાર ફેરફારથી સ્નાયુઓમાં જકડન અને માથાનો દુખાવો થઈ શકે છે. એસી ફિલ્ટર ગંદુ થવા પર એલર્જન અને ધૂળના કણોથી ચેપ લાગી શકે છે. સતત ઠંડા વાતાવરણમાં રહેવાથી શરીર બહારના તાપમાન અનુસાર એડજસ્ટ થઈ શકતું નથી. આનાથી



રોગપ્રતિકારક શક્તિ પ્રભાવિત થાય છે. સૂકી હવાને કારણે મ્યૂકસ મેમ્બ્રેન (ગળાનું રક્ષણાત્મક સ્તર)નું ભેજ ઘટી જાય છે. તેનાથી ચેપ લાગી શકે છે. સૂર્યપ્રકાશ ન મળવાથી વિટામિન-ડીની ઊણપ થઈ શકે છે. બંધ જગ્યાઓમાં વાયરસ અને બેક્ટેરિયાનું સંક્રમણ ઝડપથી થાય છે. લાંબા સમય સુધી ઠંડી હવામાં રહેવાથી શરદી-ઉધરસ અને ગળામાં ખરાશ થઈ શકે છે. ગરમીમાં લાંબા સમય સુધી એસીમાં રહેવાથી શરીરનું તાપમાન થર્મલ એડેપ્ટેશન (તાપમાન અનુસાર શરીરનું અનુકૂલન) નબળું પડી જાય છે. ઠંડી-સૂકી હવાને કારણે શ્વસન માર્ગનું મ્યૂકસ લેયર સૂકાઈ જાય છે. આનાથી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. બંધ રૂમમાં તાજી હવા ઓછી મળવાથી માઈક્રોબ્સનો સંપર્ક વધી શકે છે. ઓછા તાપમાનને કારણે બ્લડ સર્ક્યુલેશન (રક્ત પરિભ્રમણ) અને મેટાબોલિક પ્રવૃત્તિ પ્રભાવિત થઈ શકે છે. સૂર્યપ્રકાશ ન મળવાથી વિટામિન-ડીનું સંશ્લેષણ ઘટે છે, જેનાથી રોગપ્રતિકારક કાર્ય નબળું પડી જાય છે. વારંવાર ઠંડા-ગરમ વાતાવરણમાં જવાથી શરીર પર ફિઝિયોલોજિકલ સ્ટ્રેસ (શરીર પર કામનું દબાણ) વધે છે. સ્કિન ડ્રાયનેસ અને ડિહાઈડ્રેશનની સમસ્યા થઈ શકે છે, જેનાથી ત્વચાનું રક્ષણાત્મક સ્તર નબળું પડે છે. એવું નથી, પરંતુ સતત ACમાં રહેવાથી શરીરની બહારના હવામાન પ્રત્યેની સહનશીલતા ઓછી થઈ શકે છે. ઓછા હવાના પરિભ્રમણવાળા (લો એર સર્ક્યુલેશનવાળા) રૂમમાં ચેપનું જોખમ વધી જાય છે. તાપમાનમાં ફેરફારનો અનુભવ ન થવાથી થર્મલ અનુકૂલન પ્રભાવિત થાય છે. સૂર્યપ્રકાશ ન મળવાથી સર્કેડિયન રિધમ અને હોર્મોનલ અસંતુલન થઈ શકે છે. ઠંડા વાતાવરણમાં બેસવાથી નાક-ગળામાં ચેપ લાગી શકે છે. ઓછા તાપમાનને કારણે શરીરને ગરમી જાળવી રાખવા માટે સતત કામ કરવું પડે છે. આનાથી બ્લડ વેસલ્સ (રક્તવાહિનીઓ) સંકોચાઈ શકે છે અને રોગપ્રતિકારક પ્રતિભાવ ધીમો પડી શકે છે. નાક અને ગળાની કુદરતી સફાઈ પ્રક્રિયા (મ્યૂકોસિલિયરી ક્લિયરન્સ) ધીમી પડી જાય છે. ઠંડી હવાને કારણે વ્હાઈટ બ્લડસેલ્સ (શ્વેત રક્તકણો)ની કાર્યક્ષમતા પ્રભાવિત થઈ શકે છે, જેનાથી ચેપ સામે લડવાની ક્ષમતા ઓછી થાય છે. વારંવાર ઠંડી લાગવાથી શરદી, ફ્લૂ અને સાઈનસ ઈન્ફેક્શનનું જોખમ વધી શકે છે. સ્નાયુઓ સખત થઈ શકે છે, જેનાથી શરીર પર વધારાનો તણાવ આવે છે. નીચા તાપમાનને કારણે શરીરમાં બ્લડ સર્ક્યુલેશન (રક્ત પરિભ્રમણ) ઓછું થઈ શકે છે. આનાથી પેશીઓ સુધી જરૂરી પોષક તત્વો અને ઓક્સિજનનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. તાપમાનમાં અચાનક ફેરફાર (એસી અને બહારની ગરમી) શરીરની સંરક્ષણ પ્રણાલીને મૂંઝવી શકે છે. આ બધું એકંદરે રોગપ્રતિકારક સ્વાસ્થ્યને અસર કરે છે. એસીવાળા બંધ વાતાવરણમાં વાયરસ-બેક્ટેરિયાનું સંક્રમણ ઝડપી બને છે. શુષ્ક હવામાં નાકની કુદરતી ફિલ્ટ્રેશન ક્ષમતા ઘટી શકે છે.

# દેશની ઋતુઓ, જળવાયુ પરિવર્તન અને આવનારા હવામાન પર વિચારણા

**આ વરસે ઓછા વરસાદની આગાહી છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાનખાતાને આપવામાં આવે છે. એનો સૌથી મોટો ફાયદો એ છે કે બુદ્ધિમાન લોકોનો એક વિરાટ કાફલો સતત દેશની ઋતુઓ, જળવાયુ પરિવર્તન અને આવનારા હવામાન પર વિચારણા કરે છે. સંશોધકોની એક મોટી ટીમ એમાં પ્રવૃત્ત હોય છે. કેલિફોર્નિયામાં જે એક ઓબઝરવેટરી છે એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે.**

આ વરસે ઓછા વરસાદની આગાહી છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાનખાતાને આપવામાં આવે છે. એનો સૌથી મોટો ફાયદો એ છે કે બુદ્ધિમાન લોકોનો એક વિરાટ કાફલો સતત દેશની ઋતુઓ, જળવાયુ પરિવર્તન અને આવનારા હવામાન પર વિચારણા કરે છે. સંશોધકોની એક મોટી ટીમ એમાં પ્રવૃત્ત હોય છે. કેલિફોર્નિયામાં જે એક ઓબઝરવેટરી છે એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે. વર્ષોથી સંશોધનો કરતા હોવાને કારણે કુદરતના કેટલાક રહસ્યો વૈજ્ઞાનિકોના હાથમાં આવી જાય છે અને એ પ્રમાણે તેઓ પોતાના દેશના વાતાવરણને અમુક અંશે જાતે નેવિગેટ કરી શકે છે. આ વાતની ભારત અને ભારત જેવી અન્ય સરકારોને ન તો ખબર છે કે ન તો એમને કોઈ એની તમા છે. આપણા દેશમાં તમામ પ્રધાનો દાયકાઓથી એક જ ઢોલ વગાડે છે કે વધુ વૃક્ષ વાવો એટલે વધુ વરસાદ આવશે. ખરેખર એવું નથી. વૃક્ષો એક આધાર છે, પરંતુ એ સિવાય વરસાદને પૂરતી માત્રામાં અને નિયત સમયે લાવવા માટેના અનેક ઉપાયો છે, જે હવે વિકસિત દેશો જાણે છે. આપણે અનેક પ્રકારના બાહ્ય વિકાસના વાઘા પહેરવામાં અને વાજા વગાડવામાંથી ઊંચા આવતા નથી. એની સામે વિકસિત દેશો કુદરત સાથે કામ પાડવામાં એક્કા બની ગયા છે. ભારત જેવા વિકાસશીલ દેશો માટે હવામાન ખાતું માત્ર માહિતી ખાતાનું કામ કરે છે.

હકીકતમાં વરસાદ ક્યારે આવશે અને કેટલો આવશે એ તો પાકિસ્તાન અને ઈથિયોપિયા જેવા સાવ ગરીબ દેશના હવામાન ખાતાનું કામ છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે. વિકસિત દેશોમાં યુનિવર્સિટીઓ કમ સે કમ તેના વિસ્તારના કિસાનોને વરસમાં ચારથી પાંચ વાર બોલાવે છે અને એમને એમની ભાષામાં સાદગીપૂર્વક આધુનિક કૃષિ ટેકનોલોજી અને હવામાન પરિવર્તનનું જ્ઞાન આપે છે. બદલાયેલા ઉષ્ણતામાનમાં અગાઉ લેતા હતા એ જ પાક, એટલી જ નીપજ સાથે કઈ રીતે લેવા એનો પૂરતું માર્ગદર્શન આપે છે. યુનિવર્સિટીના પ્રોફેસરો વળી વરસ દરમિયાન તેમણે ભણાવેલા એ કિસાનોના ખેતરો પર અવારનવાર મુલાકાત લે છે. આમ થવાનું કારણ એ છે કે એ દેશના હવામાનખાતાની પોલિસી એટલી સુગ્રથિત છે કે એની સાથે દેશના અનેક ક્ષેત્રો જોડાયેલા છે. એવું



ઈન્ટરલિંકિંગ આપણે ત્યાં થતા હજુ થોડાં વરસો લાગશે. આપણા રાજ્યમાં અને દેશમાં જે કૃષિ યુનિવર્સિટીઓ છે એના અધ્યાપકોને પોતાના વિસ્તારના ખેડૂતોના ખેતરે જઈ એમની સાથે વાતો કરવામાં રસ નથી. આપણી આજની ખેતીની મૂળ પ્રણાલિકા એક રીતે તો હજાર વરસ પહેલાંની જ છે. અને જેઓ આકાશી ખેતી કરે છે ને એકલા મેઘરાજા પર જ નિર્ભર રહે છે એ તો પાંચ હજાર વરસ જૂની પદ્ધતિ છે. પહેલી નજરે સહુને એમ લાગે છે કે આ ખેડૂતો દુનિયાના પેટના ખાડા પૂરે છે પણ એના ખિસ્સાનો ખાડો કેમ પૂરાતો નથી ? સામાન્ય નાગરિકો બધી વાતો ઓટલે બેઠાની અદામાં કરતા હોય છે, પ્રશ્નમાં ઊંડા ઉતરતા નથી. એને કારણે ક્યારેક કિસાનોને સમજવામાં સમાજ થાપ ખાઈ જાય છે. કિસાનોને પણ પોતાનું સ્વાભિમાન અને સ્વનિર્ભરતા વ્હાલા છે. પરંતુ એ દિવસ તો આવતો જ નથી કે ખેડૂતે સરકાર સામે જોવું ન પડે. દુઃખદ વાત તો એ છે કે રાજ્યો અને કેન્દ્ર સરકાર પાસે પૂરતો ડેટા પણ અપડેટ હોતો નથી. આજ સુધી તો હોતા હૈ ચલતા હૈ એમ કામ ચાલ્યું પણ હવે ચાલે એમ નથી. કારણ કે જળવાયુ સંકટની શરૂઆત હવે નવા નવા વળાંકે પહોંચવા લાગી છે. છેલ્લા ત્રણ જ વરસમાં એવો કોઈ દેશ બાકી રહ્યો નથી જ્યાં કુદરતી કોપ ન ઉતર્યો હોય. કુદરતી હોનારતો, ઝંઝાવાત, પ્રલય જે ક્વચિત જ બનતી ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે.

આપણે ત્યાં પૂર્વોત્તર ભારતમાં બ્રહ્મપુત્રા નદી કાયમ ચોમાસામાં એના બેય કાંઠે તારાજી ફેલાવે છે. લોકમાતા એકાએક મહા વિનાશિની બની જાય છે. સંખ્યાબંધ નાગરિકો તણાઈ જાય છે અને કરોડો રૂપિયાનું જાનમાલને નુકસાન થાય છે. બ્રહ્મપુત્રામાં જે ઉછળતા ઘોડાપુર આવે છે એ પૂનમની રાતે કિનારે પછડાતા મહાસાગરની તાકાત ધરાવતા હોય છે. આજે પણ એ નિરંકુશ વહી રહ્યા છે. આ બ્રહ્મપુત્રા નદી પર કામ કરનારા એટલે કે સંશોધન કરનારા વૈજ્ઞાનિકોનો આપણા દેશમાં દુષ્કાળ છે. આ એટલી સમર્થ નદી છે કે અરધા ભારતને પોષણ આપી શકે છે. એની સરેરાશ ઊંડાઈ આઠસો ફૂટ છે અને ક્યાંક તો એ હજારેક ફૂટનું ઊંડાણ ધરાવે છે. તિબેટ, ભારત અને બાંગ્લાદેશમાંથી એ વહે છે. ગંગાની મૂળ નદી પદ્મા સાથે ભળીને એ બંગાળના અખાતમાં સમાઈ જાય છે. આપણી ભૌગોલિક રચના પણ એવી છે કે સરકાર ધારે તો છેક કન્યાકુમારી સુધી બ્રહ્મપુત્રાની અમૃતધારા પહોંચાડી શકે. પરંતુ એ કલ્પનાનો જ વિષય છે. કારણ કે નિર્ણાયક રાજનેતાઓ પ્રજામાંથી જ આવે છે, તેઓ સામાન્ય નાગરિક જ છે કોઈ અવતારી દેવ કે દેવી તો નથી. અને પ્રજા તરીકે જુઓ તો આપણામાં નદીની સંભાળ લેવાના કોઈ સંસ્કાર નથી. ગુજરાતમાં મોટાભાગની નદીઓમાં હવે ઊંડાણ જ નથી. રસ્તાને અને આસપાસના ખેતરોને સમાંતર સપાટીએ એ વહે છે. એને કારણે ભારેથી અતિભારે વરસાદમાં વારાફરતે સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની લાખો હેક્ટર જમીનો ધોવાતી રહે છે.

કારણ કે જળને ધારણ કરવાની નદીની ક્ષમતા જ નહિવત્ થઈ ગઈ છે. હવેનાં વરસો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ઉચ્ચારેલી ચેતવણી પ્રમાણે આકરા છે. વર્લ્ડવોચ સંસ્થાએ એના નવા અહેવાલમાં કહ્યું છે કે સમગ્ર એશિયાનું હવામાન ધરમૂળથી બદલાઈ ગયું છે. એશિયા હવે લાંબા ગાળા માટે અલ્પ અને અનિયત વરસાદનો પ્રદેશ બની જવાની ભીતિ છે. એશિયામાં અલ્પવર્ષાનો યુગ શરૂ થઈ ગયો છે. પરંતુ આ પ્રારંભિક વરસો છે એટલે જો સમગ્ર એશિયા જાગૃત રહીને જળવાયુ પરિવર્તનને સમજે અને એની નકારાત્મક અસરથી બચવાના વૈજ્ઞાનિક તથા કુદરતી ઉપાયો અજમાવે તો પરિસ્થિતિ સુધરી શકે એમ છે. પરંતુ એશિયાના વિવિધ દેશો માટે પર્યાવરણ માત્ર સેમિનાર અને કોન્ફરન્સનો જ વિષય છે. ભારતની જે કુદરતી સૌન્દર્યની મજા છે એને યુગયુગાન્તર સુધી ટકાવવી હોય તો સરકારે અનેક નવા પ્રોજેક્ટ પર સમાંતર કામ કરવું પડશે. ઉનાળામાં ભારતમાં વસંત અને ગ્રીષ્મ એમ બે ઉપઋતુઓ છે. પહેલાં વસંત આવે. એટલે કે ફાગણ અને ચૈત્રમાં આછો અને હળવો તડકો હોય, પરંતુ હવે એ હળવાશ રહી નથી. ફાગણ ચૈત્રના ઉત્સાહી વાસંતિક પવનો લુપ્ત થઈ ગયા છે અને ફાગણથી જ આકરા સૂરજતાપની શરૂઆત થઈ જાય છે. દેશમાં ઋતુઓમાં થઈ રહેલા ફેરફારો બાગાયતી પાકો માટે ઘાતક નીવડે છે. ફળફળાદિ તો આવે છે, પણ એમાં પહેલાં જેવું માધુર્ય ન હોય. આ તો સહુનો અનુભવ છે. એ જ રીતે શાકભાજીના સ્વાદ પણ મોળા પડી રહ્યા છે. આ સ્થિતિ આપણને ક્યાં લઈ જશે? ભારત જેવા વિકાસશીલ દેશો માટે હવામાન ખાતું માત્ર માહિતી ખાતાનું કામ કરે છે. હકીકતમાં વરસાદ ક્યારે આવશે અને કેટલો આવશે એ તો પાકિસ્તાન અને ઈથિયોપિયા જેવા સાવ ગરીબ દેશના હવામાન ખાતાનું કામ છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 15 મે 2026 | અમદાવાદ

### સ્ટેચ્યૂ ઓફ યુનિટી આસપાસ રહેતા

# 1000 આદિવાસી પરિવારોનાં રસોઇ ગેસમાં આત્મનિર્ભરનાં મંડાણ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2025ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યું હતું : આદિવાસી પરિવારોનાં ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે

**રાજપીપળા**

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી (SOU)ની આસપાસ રહેતા 1000 જેટલા આદિવાસી પરિવારો રસોઇ ગેસની બાબતમાં આત્મનિર્ભર બની રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા 1000 આદિવાસી પરિવારોને બાયોગેસ પ્લાન્ટ મળે તે માટે કરેલી મહેનત હવે રંગ લાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાનગર ખાતે વર્ષ 2025ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યુ હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ રહેતા 1000 આદિવાસી ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે.



આ યોજના નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની 38 ગ્રામ પંચાયતો હેઠળ આવેલા 89 ગામોમાં અમલમાં છે ગરુડેશ્વર તાલુકા પંચાયત દ્વારા અમલામાં મુકવામાં આવેલી આ યોજનાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા મોનિટરીંગ થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આત્મનિર્ભર ભારતના વિઝનથી પ્રેરિત આ પહેલનો હેતુ LPG અને પરંપરાગત લાકડાના ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આશરે 7 કિમી દૂર આવેલા વાઘપુરા ગામમાં રહેતા રવિના તડવીએ જણાવ્યું કે, સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા બાયોગેસ પ્લાન્ટને કારણે તેમના દૈનિક જીવનમાં ઘણો ફેરફાર થયો છે. "હવે અમને LPG સિલિન્ડરની ચિંતા રહેતી નથી. બાયોગેસ પ્લાન્ટ દ્વારા દરરોજ સ્વચ્છ ઈંધણ મળે છે અને બાયોગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરી ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉત્તમ વિકલ્પ બની છે. જૈવિક ખાતરને કારણે પાક ઉત્પાદન પણ વધે છે," રવિના તડવીએ વધુમાં જણાવ્યું. આ જ પ્રકારની લાગણી વ્યક્ત કરતાં સ્થાનિક રહેવાસી ચંદુ તડવીએ યોજનાનો મહિલાઓ પર પડેલા સકારાત્મક પ્રભાવ વિશે જણાવ્યું કે, "બાયોગેસ પ્લાન્ટને કારણે મહિલાઓને સૌથી વધુ લાભ થયો છે. પહેલાં તેઓ ખેતરમાં કામ કર્યા પછી લાકડાં ભેગા કરવા માટે લાંબા અંતર સુધી જતી હતી. ચૂલા પર રસોઈ કરવાને કારણે ધૂમાડો થતો અને આંખોને નુકશાન થતું પણ હવે બાયોગેસના ઉપયોગથી તેઓ ધુમાડાથી મુક્ત થઈ ગઈ છે અને રસોઈ ગેસમાં આત્મનિર્ભર બની છે,".

અત્યાર સુંધીમાં 665 થી વધુ બાયોગેસ પ્લાન્ટ નંખાઇ ચૂક્યા છે અને બાકીનાં પ્લાન્ટ નાંખવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. બાયોગેસ પ્લાન્ટ થકી મહિલાઓને સ્વચ્છ રસોઇ ગેસ મળે છે અને સાથે સાથે પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ખાતર તરીકે ખેતીમાં ઉપયોગ થતા વિદેશથી આયાત થતા રાસાયણિક ખાતર પરની નિર્ભરતા પણ ઓછી થાય છે.

### મહીસાગર જિલ્લાના સંતરામપુર કડાણા લુણાવાડા તાલુકાઓમાં

# પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી

**મહીસાગર**

મહીસાગરના જિલ્લાના કડાણા સંતરામપુર લુણાવાડા તાલુકામાં અચાનક એવી સ્થિતિ સર્જાઈ કે વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા છે પેટ્રોલ પંપ પર જે દ્રશ્યો જોવા મળ્યા, તે કોઈ કટોકટીનો સંકેત આપી રહ્યા છે નો સ્ટોક ના બોર્ડ અને પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શહેરની અંદર ઈંધણ માટે જે સંગ્રામ છેડાયો છે મહીસાગર જિલ્લાના લુણાવાડા સંતરામપુર કડાણા તાલુકાઓમાં પેટ્રોલ પંપપર લાઈનો પેટ્રોલ ભરાવવા માટે પંપપર વાહનોની અકલ્પનીય ભીડ અચાનક પેટ્રોલની અછત સર્જાતા હજારો લોકો ઉમટી પડ્યા શહેરના પેટ્રોલ પંપપર સ્ટોક નથી ના બોર્ડ લાગ્યા ઈંધણની તંગીની આશંકાએ લોકોમાં ભારે ફફડાટ અને ચિંતા પેટ્રોલ પંપપર ટ્રાફિક અને ભીડ જોવા મળી સંતરામપુર શહેરમાં આજે અચાનક પેટ્રોલની અછત સર્જાતા વાહનચાલકોમાં ભારે ચિંતા અને દોડધામ જોવા મળી હતી. શહેરના મુખ્ય પેટ્રોલ પંપોપર વાહનોની લાંબી લાઈનો લાગતા ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

ઈંધણ ખૂટી જવાની આશંકાએ લોકો વહેલી સવારથી જ પંપ પર ઉમટી પડ્યા હતા. લોકોનો પેટ્રોલ નથી તેવા બોર્ડ મારી દેવામાં આવ્યા પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે શહેરના પેટ્રોલ પંપો પર પેટ્રોલ નથી તેવા બોર્ડ મારી દેવામાં આવ્યા આ સમાચાર વાયુવેગે ફેલાતા અન્ય પંપો પર પણ હજારોની સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. લાઈનો એટલી લાંબી હતી કે વાહનચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી હતી. મહીસાગર જિલ્લાનિ જનતામાં પેટ્રોલની આ કૃત્રિમ કે વાસ્તવિક અછતને લઈને અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.

### પોલીસ ફરિયાદ નોંધાતા બંને આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી

# અંકલેશ્વરમાં જ્વેલર્સ માલિક સાથે રૂ. 15 લાખની ઠગાઈનો મામલો – બે ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધાયો

**અંકલેશ્વર**

અંકલેશ્વર શહેરના જ્યોતિ ટોકીઝ નજીક આવેલા પદ્મનાભ જ્વેલર્સના માલિક સાથે રૂ. 15 લાખની છેતરપિંડીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. સોનાના ઘરેણાં છોડાવી આપવાના બહાને બે સગા ભાઈઓએ આ ઠગાઈ આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા બંને આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અંકલેશ્વરના દિવા રોડ પર આવેલી શ્રી દર્શન સોસાયટીમાં રહેતા અને જ્યોતિ ટોકીઝ પાસે પદ્મનાભ જ્વેલર્સ ચલાવતા નિલેશ ધીરજલાલ સોનીનો પરિચય તેમના ગુરુ મારફતે વાલિયા તાલુકાના ડહેલી ગામના જયદીપસિંહ નરપતસિંહ ગોહિલ સાથે થયો હતો. અગાઉ સોના-ચાંદીના વ્યવહારોને કારણે બંને વચ્ચે વિશ્વાસનો સંબંધ વિકસ્યો હતો. આ વિશ્વાસનો લાભ




ઉઠાવી આરોપી જયદીપસિંહ ગોહિલે નિલેશ સોનીને જણાવ્યું હતું કે તેમના મિત્ર નિરવસિંહ સોલંકીના નામે અંકલેશ્વરના જુના નેશનલ હાઈવે પર આવેલા સાંઈ ગોલ્ડન ટ્રેડ સેન્ટરમાં આવેલી આઈ.આઈ.એફ.એલ ગોલ્ડ ફાઈનાન્સમાંથી સોનાના ઘરેણાં પર ગોલ્ડ લોન લેવામાં આવી છે, જેની કુલ રકમ અંદાજે રૂ. 14.94 લાખ છે. આ લોન ભરપાઈ કરીને ઘરેણાં છોડાવી આપવા માટે તેમણે નિલેશ સોનીનો સંપર્ક કર્યો હતો. આયોજિત યોજના મુજબ, જયદીપસિંહ ગોહિલે ઘરેણાંના ફોટા મોકલી લોનની રકમ ચૂકવ્યા બાદ ઘરેણાં સોનીને સોંપવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસના આધારે નિલેશ સોની અને તેમના પુત્ર દ્વારા અંકલેશ્વરની અલગ અલગ બેંકો મારફતે નિરવસિંહ સોલંકીના ખાતામાં અંદાજે રૂ. 15 લાખ જમા કરાવવામાં આવ્યા હતા. પરંતુ રૂપિયા જમા થયા બાદ આરોપી જયદીપસિંહ ગોહિલે ઘરેણાં સોનીને પરત આપવાને બદલે સમડી ફળિયામાં આવેલા અંબિકા ટચ સેન્ટરના વિનોદ મરાઠેને આપી દીધા હોવાનું જાણવા મળ્યું છે. બાદમાં નિલેશ સોની દ્વારા રૂપિયા પરત માંગવામાં આવતા જયદીપસિંહ ગોહિલ અને તેના ભાઈ દિગ્વિજયસિંહ ગોહિલે અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### પેટ્રોલપંપો પર લાંબી કતારો, ખેડૂતોમાં ચિંતા

# હાંસોટમાં પેટ્રોલ-ડીઝલની અછતની ચર્ચાઓ વચ્ચે ભારે અફરાતફરી મચી..!

**અંકલેશ્વર**

હાંસોટ તાલુકામાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાવાની ચર્ચાઓ વચ્ચે શુક્રવારે સવારથી જ અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. વિવિધ અફવાઓ ફેલાતા જ પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને અનેક સ્થળોએ ભારે ભીડના દ્રશ્યો સર્જાયા હતા.

હાંસોટના જીઓ કંપનીના પેટ્રોલપંપ સહિત અનેક પંપો પર લોકો કેરબા તથા ડબ્બા લઈને ઈંધણ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા. કેટલીક જગ્યાએ લોકો લાંબી કતારમાં પોતાના કેરબા ગોઠવીને વારો આવવાની રાહ જોતા જોવા મળ્યા હતા. ભીડ વધુ વધતાં કેટલાક સ્થળોએ ટ્રાફિક



જેવી સ્થિતિ ઊભી થઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસ બંદોબસ્ત પણ બોલાવવામાં આવ્યો હતો.

ખાસ કરીને સિંચાઈ માટે ડીઝલની તાત્કાલિક જરૂરિયાત ધરાવતા ખેડૂતોમાં વધુ ચિંતા જોવા મળી હતી. નહેર અને બોરવેલના પંપો ચલાવવા માટે ડીઝલ અનિવાર્ય હોવાથી, આગામી દિવસોમાં અછત સર્જાવાની આશંકાએ ખેડૂતો વહેલી સવારથી જ પંપો પર પહોંચી ગયા હતા. કેટલાક પંપો પર ઉપલબ્ધ જથ્થા મુજબ જ વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. પેટ્રોલપંપ પર હાજર વાહનચાલકો અને ખેડૂતોએ જણાવ્યું હતું કે ઈંધણ ખૂટી જશે તેવી ચર્ચાઓને કારણે તેઓ આગોતરા સ્ટોક કરવા માટે મજબૂર બન્યા છે. ખાસ કરીને સિંચાઈના પંપો ચલાવવા માટે ડીઝલની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ખેડૂતો દ્વારા ડબ્બામાં ઈંધણ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, કેટલાક નિષ્ણાતોએ કેરબા અથવા પ્લાસ્ટિક ડબ્બામાં પેટ્રોલ ભરવાનું જોખમી ગણાવ્યું છે.

ગરમીના કારણે આગ લાગવાનો ખતરો રહે છે તેમજ પ્લાસ્ટિક કન્ટેનરમાં ઈંધણ સ્ટોર કરવું સલામતી દ્રષ્ટિએ યોગ્ય નથી, તેથી સુરક્ષા નિયમોનું પાલન કરવું જરૂરી હોવાનું પણ જણાવાયું છે. સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ સુણેવ અને હાંસોટ વિસ્તારમાં હાલ કેટલીક જગ્યાએ ઈંધણ ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું છે, છતાં અફવાઓને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# અંકલેશ્વર તાલુકામાં DGVCL દ્વારા સઘન વીજચોરી વિરોધી ચેકિંગ કામગીરી કરાઇ

## કુલ 47 ટીમો દ્વારા 2,136 ઘરેલું અને વ્યવસાયિક વીજ જોડાણોની તપાસ કરવામાં આવી

**અંકલેશ્વર**

અંકલેશ્વર તાલુકાના ખરોડ, પાનોલી સહિતના ગામોમાં ડીજીવીસીએલ ભરૂચ વર્તુળ કચેરી દ્વારા સઘન વીજ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અચાનક શરૂ કરવામાં આવેલી આ કામગીરીને કારણે ગામોમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

આ કામગીરી દરમિયાન ડીજીવીસીએલના અધિકારીઓ સાથે વિશાળ પોલીસ બંદોબસ્ત પણ તૈનાત રાખવામાં આવ્યો હતો. સમગ્ર અભિયાન ડીજીવીસીએલના એસઈ (વિજિલન્સ) યુ.એ. ચૌધરી, જીયુવીએનએલ સુરતના ડીવાયએસપી સી.એમ. જાડેજા તથા અંકલેશ્વર પોલીસના ડીવાયએસપી ડૉ. કે.આર. ઓઝાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું હતું. અંકલેશ્વર રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.જી. ગોહિલ સહિતના અધિકારીઓએ સમગ્ર કામગીરીની દેખરેખ રાખી હતી. ચેકિંગ દરમિયાન કુલ 47 ટીમો દ્વારા 2,136 ઘરેલું અને વ્યવસાયિક વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 65 જોડાણોમાં વીજચોરી અને ગેરરીતિઓ ઝડપાઈ આવી હતી. આ તમામ કેસોમાં અંદાજે રૂ. 1.13 કરોડ જેટલી વીજચોરી સામે આવી હોવાનું પ્રાથમિક અનુમાન છે, જેના આધારે કંપની દ્વારા દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ડીજીવીસીએલના અધિકારીઓના જણાવ્યા મુજબ દર મહિને ફીડર-વાઈઝ લોસીસના આધારે વીજચોરીની સંભાવના ધરાવતા વિસ્તારોની ઓળખ કરવામાં આવે છે. જેમાં જો કોઈ ફીડરમાં અપેક્ષિત યુનિટ વિતરણ સામે બિલિંગમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે તો તે વિસ્તારમાં વીજચોરીની શક્યતા ગણવામાં આવે છે. ઉદાહરણરૂપે, જો કોઈ ફીડરમાં 100 યુનિટ વીજ પુરવઠા સામે માત્ર 80 યુનિટનું બિલિંગ થાય તો 20 ટકા જેટલો નુકસાન (લોસ) તે વિસ્તારમાં વીજચોરી અથવા ગેરરીતિ દર્શાવે છે.

### પાઇપલાઇન નાખવાની કામગીરી સ્થાનિકો માટે આશીર્વાદને બદલે આફત બની

# ડભોઇ નગરપાલિકાની બેદરકારીથી સુરજ ફળિયામાં પીવાના પાણીમાં ગટરના પાણી ભળતા રહીશોમાં રોષ

**ડભોઇ**

ડભોઇ નગરપાલિકા દ્વારા હાલમાં વિકાસના કાર્યો હેઠળ નવી પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે પરંતુ આ કામગીરી સ્થાનિકો માટે આશીર્વાદને બદલે આફત બની રહી હોય તેમ લાગી રહ્યું છે. વિભાગ હાઈસ્કૂલથી તળાવપુરા સુધી નવી લાઇન નાખતી વખતે સુરજ ફળિયા પાસે ચાલુ લાઈન ડેમેજ થતા સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાનું સ્થળ: સુરજ ફળિયા, વિભાગ હાઈસ્કૂલની પાસે, ડભોઇ નવી પાઈપલાઈનના ખોદકામ દરમિયાન જૂની કાર્યરત લાઈન ડેમેજ થવી અસર સવારે જ્યારે નગરપાલિકા દ્વારા પાણી છોડવામાં આવ્યું, ત્યારે લીકેજને કારણે લાખો લિટર પાણીનો વેડફાટ થયો હતો આખું વિસ્તારમાં જાણે તળાવમાં ફેરવાઈ ગયું હોય તેવી પરિસ્થિતિ ઉભી થઈ હતી.

પીવાના પાણીમાં ગંદકી ભળતા રોગચાળાનો ભય એક તરફ જ્યારે કાળઝાળ ગરમી પડી રહી છે અને પાણીની કિંમત વધી રહી છે, ત્યારે બીજી તરફ પાઈપલાઈન ડેમેજ થતા પીવાના ચોખ્ખા પાણીમાં ગટરનું ગંદુ પાણી મિશ્રિત થઈ ગયું હતું. રહેણાક વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો ગંદા પાણીના કારણે વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે અને ભવિષ્યમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે પાલિકાની બેદરકારીને કારણે અમારે પીવાના પાણી વગર વલખા મારવા પડે છે અને ઉપરથી આ ગંદકી સહન કરવી પડે છે. તંત્ર વહેલી તકે આનું નિરાકરણ લાવે તેવી અમારી માંગ છે સુરજ ફળિયાના ત્રાહિમામ પોકારી ઉઠેલા રહીશોએ નગરપાલિકા સમક્ષ માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે લીકેજ પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવે પીવાના પાણીની લાઈનને ગટરના જોડાણથી અલગ કરી તેને શુદ્ધ કરવામાં આવે કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવતી બેદરકારી સામે કડક પગલાં લેવામાં આવે હવે જોવાનું એ રહે છે કે ડભોઇ નગરપાલિકા આ ગંભીર પ્રશ્ન પર કેટલી ઝડપથી કામગીરી કરે છે કે પછી રહીશોને હજુ પણ ગંદા પાણી અને ગંદકી વચ્ચે દિવસો પસાર કરવા પડશે.

# ઝાલોદના નગરસ્થ પૌરાણિક રાધે શ્યામ મંદિરે અગિયારસ આરતીથી ગુંજ્યો સનાતન એકતાનો સંદેશ

**દાહોદ**

ઝાલોદ નગરસ્થ પૌરાણિક રાધે શ્યામ મંદિર ખાતે સનાતન હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા અગિયારસ નિમિત્તે ભવ્ય આરતી અને હિન્દુ એકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરની પ્રાચીનતા, આધ્યાત્મિક મહિમા અને ઐતિહાસિક ગૌરવ આગામી પેઢી સુધી અખંડિત રહે તેમજ ભવિષ્યમાં મંદિરના ભવ્ય જીર્ણોદ્ધાર માટે હિન્દુ સમાજમાં જાગૃતિ આવે તે શુભ હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં અલગ અલગ સમાજના હિન્દુ ભક્તો પરિવાર તથા મિત્રવર્તુળ સાથે જોડાઈ સનાતન હિન્દુ સંસ્કૃતિ પ્રત્યેની પોતાની આસ્થા વ્યક્ત કરી હતી. મંદિર પરિસર "જય શ્રી રાધે-શ્યામ" અને ધાર્મિક જયઘોષોથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તિમય વાતાવરણ વચ્ચે સૌએ એકતા, સંસ્કૃતિ અને ધર્મ જાગૃતિનો સંદેશ આપ્યો હતો. મંદિરના ગૌરવ અને ભવ્યતા જળવાઈ રહે તે શુભ ભાવના સાથે યોજાયેલ આ પ્રથમ ઝુંબેશની આરતી પ્રીતેશ પ્રવીણભાઈ પંચાલના હસ્તે ઉતારવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત હિન્દુ સમાજે આ આયોજનને ઉત્સાહભેર વધાવી લઈ સનાતન એકતાનું દ્રઢ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સનાતન હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા



જણાવાયું હતું કે, પૌરાણિક રાધે શ્યામ મંદિર માત્ર આસ્થાનું કેન્દ્ર નથી પરંતુ ઝાલોદના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતિક છે. મંદિરના ભવ્ય જીર્ણોદ્ધાર, સંરક્ષણ અને હિન્દુ સમાજમાં સંગઠન વધુ મજબૂત બને તે માટે સમિતિ સતત પ્રયત્નશીલ રહેશે. સમિતિ દ્વારા હવે દર અગિયારસે આરતી અને હિન્દુ સમાજના ધાર્મિક મિલન કાર્યક્રમો યોજી વધુને વધુ હિન્દુ પરિવારોને મંદિર સાથે જોડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### વાગરામાં કરોડોની 350 એકર જમીન હડપવાનું કૌભાંડ

# મૃતક દાદાના ખોટા દસ્તાવેજો બનાવી વારસદારો સાથે છેતરપિંડી : સમગ્ર કાંડમાં કાયદાના રક્ષકો પણ સામેલ!!

**વાગરા**

વાગરા તાલુકાના ગંધાર ગામે સરકારી માલિકીની ૩૫૦ એકર જમીન પર મીઠું પકવવાના લીઝના હક્કો મેળવવા માટે આચરાયેલું એક મોટું અને ગંભીર છેતરપિંડીનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ મામલે વાગરા પોલીસ મથકે મુંબઈના ઉદ્યોગપતિ દંપતી અને ભરૂચના ત્રણ એડવોકેટ સહિત કુલ સાત શખ્સો સામે આઈ.પી.સી. ની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ તથા ૧૨૦(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કૌભાંડમાં ખોટા દસ્તાવેજો, નકલી સહીઓ અને અંગૂઠાના નિશાનો કરી કલેક્ટર કચેરીને પણ ગેરમાર્ગે દોરવાનો ગંભીર




આક્ષેપ છે. ઘટનાની વિગતો મુજબ, ફરિયાદી એઝાઝ આદમભાઈ પટેલના દાદા વલીભાઈને વર્ષ ૧૯૮૫માં સરકાર દ્વારા વાગરાના ગંધાર ગામે ૩૫૦ એકર જમીન મીઠું પકવવા માટે લીઝ પર ફાળવવામાં આવી હતી. આ જમીન પર વહીવટ કરવા માટે ફરિયાદીના દાદાએ ક્રુસેડ ફાઈનાન્સ કંપનીના પાર્થિવ એલ. દેસાઈ સાથે ભાગીદારી કરી હતી. જોકે, ૨૦૧૫માં ફરિયાદીના દાદાના અવસાન બાદ આરોપીઓએ સત્તા અને સંપત્તિની લાલચમાં માનવતા નેવે મૂકી છેતરપિંડીનો ખેલ શરૂ કર્યો હતો. ફરિયાદમાં આક્ષેપ છે કે આરોપી પાર્થિવ દેસાઈ અને તેની પત્ની રોહિણી દેસાઈએ વીમારંઝુ સોલ્ટ વર્ક્સના નામે તમામ વહીવટ સંભાળી લીધો હતો. અને ભાગીદારી કરાર મુજબ ફરિયાદીના વારસદારોને નફામાં કોઈ હિસ્સો આપ્યો ન હતો. આટલું જ નહીં, આરોપીઓએ કાયદાના રક્ષકો એવા ભરૂચના 3 એડવોકેટો સાથે મળીને ગુનાહિત કાવતરું રચ્યું હતું. ફરિયાદીના પિતા અને કાકાના નામના ખોટા સંમતિપત્રો બનાવી, તેમાં નકલી સહીઓ અને અંગૂઠાના નિશાનો કરી તેને સાચા તરીકે કલેક્ટર કચેરી ભરૂચ ખાતે રજૂ કર્યા હતા. આ છેતરપિંડીના આધારે આરોપી ઓએ ખોટા પુરાવા ઉભા કરી લીઝ રીન્યુ કરાવી લીધી હતી.

# બાઇક સ્લીપ થતાં ઇજાગ્રસ્ત પરિએજના યુવકનું વડોદરા ખાતે સારવાર દરમિયાન મોત

**ભરૂચ,**

ભરૂચ તાલુકામાં આવેલા પરિએજ ગામે રહેતો વિપુલ ચતુર રાઠોડ રાત્રિના સમયે પોતાની બાઇક લઇને કોઇ કામ અર્થે ભરૂચ નેશનલ હાઇવે પરથી પસાર થઇ રહ્યો હતો. તે ભરૂચથી વડોદરા જવાના રોડ પરથી જઇ રહ્યો હતો, તે વેળાએ રાત્રિના સાડા નવ વાગ્યાના અરસામાં પરવાના હોટલની સામેથી પસાર થતી વખતે કોઇ કારણસર બાઇકના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા બાઇક સ્લીપ થઇ ગઇ હતી. આ અકસ્માતમાં વિપુલ રાઠોડને શરીરે ગંભીર ઇજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જો કે, તેની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઘટના સમયે પરિવારજનોએ કોઇ પણ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવવાનું ટાળ્યું હતું. દરમિયાન વડોદરા ખાતે સારવાર હેઠળ રહેલા વિપુલ રાઠોડનું ગઇકાલે ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# દાહોદ LCBનો ફિલ્મી એક્શન : બુટલેગરો સાથે પીછો કરી લાખો રૂપિયાનો દારૂ ઝડપ્યો

**દાહોદ**

દાહોદ જિલ્લામાં પ્રોહીબિશનની પ્રવૃત્તિઓ સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ લાલ આંખ કરી છે. તાજેતરમાં એલ.સી.બી.ની ટીમે ફુલપુરા ગામે ફિલ્મી ઢબે પીછો કરી એક બ્રેઝા કારમાંથી ૧૨૪૮ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

મળતી માહિતી મુજબ, પો.ઈન્સ. ડી.એમ. ઢોલની સૂચનાથી એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે બ્રેઝા કાર (નંબર GJ-07-DB-9651) માં ઝાલોદથી લીમડી તરફ દારૂનો જથ્થો જઈ રહ્યો છે. સાંપોઈ ગામ પાસે નાકાબંધી દરમિયાન કાર ચાલકે પોલીસને જોઈ ગાડી ઉભી રાખવાને બદલે હંકારી મૂકી હતી. પોલીસે હિંમતભેર આંતરિયાળ અને જંગલના રસ્તાઓ જેવા કે નાનસલાઈ, ચિત્રોડીયા અને ભીમપુરી ભોંયરા સુધી કારનો પીછો કર્યો હતો. બુટલેગરોએ રાહદારીઓના જીવ જોખમમાં મૂકી ગાડી ભગાવી હતી, પરંતુ ફુલપુરા પાસે કારના




ટાયર ફાટી જતાં ગાડી રોડ નીચે ઉતરી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી રાહુલભાઈ ઉદેસીંગભાઈ ગરાસીયા (રહે. મહુડી, તા. ઝાલોદ) ને ઝડપી પાડ્યો હતો, જ્યારે અન્ય એક આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. કારની તલાશી લેતા: દારૂ/બિયરની કુલ બોટલો: ૧૨૪૮ (૪૨ પેટી), દારૂની કિંમત: ૧,૫૫,૫૨૦/-, બ્રેઝા કારની કિંમત: ૭,૦૦,૦૦૦/-, કુલ મુદ્દામાલ: ૮,૫૫,૫૨૦/- આ સફળ કામગીરી પંચમહાલ રેન્જ IG વિધી ચૌધરી અને દાહોદ SP રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ LCBની ટીમ દ્વારા કરવામાં આવી છે. ચાકલિયા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. એલ.સી.બી.ના આ આક્રમક અભિગમથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



### હવે અહીં ઘર જેવું લાગતું નથી, ભારતે મને દગો આપ્યો છે

# સલમાનની ફ્રમર્ડ ગર્લફ્રેન્ડનો કાનમાં 'સિન્ડ્રેલા' અવતાર: યૂલિયા વંતૂરે રેડ કાર્પેટ પર વૉક કર્યું

મુંબઈ

ફ્રાન્સના કાન શહેરમાં ફિલ્મની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત 'કાન ફિલ્મ ફેસ્ટિવલ' ચાલી રહ્યો છે. વિશ્વભરની ફિલ્મોનાં સ્ક્રીનિંગ માટેનું સ્વર્ગ ગણાતો આ ફેસ્ટિવલ તેના રેડ કાર્પેટ માટે પણ જાણીતો છે. 79માં કાન ફેસ્ટિવલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારતીય ફિલ્મો અને સેલિબ્રિટીઝ કાનમાં પહોંચી રહ્યા છે. આલિયા ભટ્ટ અને ઉર્વશી રૌતેલાના સુંદર લુકે ચાહકોને ઘેલું લગાડ્યું છે. તેવામાં બોલિવૂડ સ્ટાર સલમાન ખાનની રૂમર્ડ ગર્લફ્રેન્ડ યૂલિયા વંતૂર પણ આ ફેસ્ટિવલનો ભાગ બની છે. રોમાનિયન એક્ટ્રેસ અને સલમાન ખાનની રૂમર્ડ ગર્લફ્રેન્ડ યૂલિયા વંતૂરે કાન ફિલ્મ ફેસ્ટિવલ માટે ખાસ વાદળી રંગ પર પસંદગી ઢોળી હતી. યૂલિયાએ સ્વીટહાર્ટ નેકલાઈનવાળું સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું. આ ટેક્સ્ચર્ડ ગાઉન બે ભાગમાં વહેંચાયેલું હતું, એક ફિટેડ બોડીકોન ગાઉન અને તેની ઉપર એક મોટું વોલ્યુમિનસ ટ્રેન જોડાયેલું હતું. યૂલિયાએ આ ડ્રેસને સુંદર ડાયમંડ સ્ટેટમેન્ટ નેકલેસ સાથે પેર કર્યો હતો. તેણે વાદળી રંગના ડાયમંડવાળો સિલ્વર નેકલેસ અને તેના મેચિંગ ઈયરિંગ્સ પહેરી હતી. કલર થીમને જાળવી રાખવા યુલિયાએ સિલ્વર-મેટાલિક કલરની હીલ્સ પહેરી હતી. તેણે ડ્રેસની જેમ જ મિનિમલ પણ એલિગન્ટ મેકઅપ કર્યો હતો. તેણે વાળ ખુલ્લા રાખ્યા હતા અને તેને સાઈડ પાર્ટિશન સાથે હળવા વેવ્સ આપ્યા હતા. યૂલિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર રેડ કાર્પેટનો વીડિયો શેર કર્યો હતો. તેણે કેપ્શનમાં લખ્યું, 'વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ્સમાંના એક- કાન ફિલ્મ ફેસ્ટિવલના ઉદઘાટન પ્રસંગે એક જાદુઈ સાંજ. અહીં આવીને ખૂબ જ સારું લાગી રહ્યું છે, અમારી ફિલ્મ 'એકોઝ ઓફ અસ' પ્રદર્શિત કરવા માટે, જેની પોતાની સફર અવિશ્વસનીય રહી છે. આ ખાસ સાંજે, રેડ કાર્પેટ પર એક ટીમ તરીકે સાથે આવવું એ અમારા માટે સન્માનની વાત છે.' વાસ્તવમાં યૂલિયા વંતૂરની ફિલ્મ 'એકોઝ ઓફ અસ'નું કાનમાં

**ફ્રાન્સના કાન શહેરમાં ફિલ્મની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત 'કાન ફિલ્મ ફેસ્ટિવલ' ચાલી રહ્યો છે**

સ્ક્રીનિંગ થવાનું હતું. તેથી તે તેના કૉ-એક્ટર દીપક તિજોરી અને ફિલ્મના ડિરેક્ટર જોય રાજન સાથે ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી. આ દરમિયાન તેણે પાપારાઝીને મનમૂકીને પોઝ આપ્યા હતા. સાથે જ તેણે કેમેરા સામે ફ્લાઈંગ કિસ આપી હતી અને હાથેથી હાર્ટનો સિમ્બોલ બનાવ્યો હતો. સલમાન ખાનની રૂમર્ડ ગર્લફ્રેન્ડ યુલિયા વંતુર મૂળ રોમાનિયાની છે. તેની બોલિવૂડમાં કરિયર બનાવવાની કોઈ યોજના નહોતી. તે રોમાનિયામાં પોતાનું કરિયર બનાવી રહી હતી, પરંતુ જ્યારે તે ડબલિનમાં 'બોડીગાર્ડ'ના શૂટિંગ દરમિયાન સલમાન ખાનને મળી.

# કાનમાં આલિયા ભટ્ટની ફેશનનો જલવો

### રેડ કાર્પેટ પર આવવાના થોડા કલાકો પહેલા, આલિયાએ તેની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લોરિયલ પેરિસને ટેગ કરતા તેના લુકની તસવીરો અને વીડિયો શેર કર્યા

મુંબઈ

આલિયા ભટ્ટ બુધવારે સાંજે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આઈસ બ્લુ ગાઉનમાં રેડ કાર્પેટ પર જોવા મળી. ફિલ્મ 'એ વુમન્સ લાઈફ' ના પ્રીમિયર દરમિયાન તેનો 'સિન્ડ્રેલા' અવતાર જોવા મળ્યો. રેડ કાર્પેટ પર આવવાના થોડા કલાકો પહેલા, આલિયાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લોરિયલ પેરિસને ટેગ કરતા તેના લુકની તસવીરો અને વીડિયો શેર કર્યા. વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન 12 મેથી શરૂ થયો છે. આ ફેસ્ટિવલ 23 મે સુધી ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરામાં યોજાશે. કાનમાંથી આલિયાના અત્યાર સુધીમાં 5 લુક સામે આવ્યા છે. બોલિવૂડ સ્ટાર સલમાન ખાનની રૂમર્ડ ગર્લફ્રેન્ડ યૂલિયા વંતૂર પણ આ ફેસ્ટિવલનો ભાગ બની છે. તેણે ડિઝાઈનર તમરા રાલ્ફ દ્વારા ડિઝાઈન કરાયેલ આઈસ-બ્લુ ટરકોઈઝ ગાઉન પહેર્યું હતું. વાસ્તવમાં યૂલિયા વંતૂરની ફિલ્મ 'એકોઝ ઓફ અસ'નું કાનમાં સ્ક્રીનિંગ થવાનું હતું. તેથી તે તેના કૉ-એક્ટર દીપક તિજોરી અને ફિલ્મના ડિરેક્ટર જોય રાજન સાથે ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી. આ દરમિયાન તેણે પાપારાઝીને મનમૂકીને પોઝ આપ્યા હતા. સાથે જ તેણે કેમેરા સામે ફ્લાઈંગ કિસ આપી હતી અને હાથેથી હાર્ટનો સિમ્બોલ બનાવ્યો હતો. આલિયા ભટ્ટ અને યુલિયા વંતૂર ઉપરાંત ભારતમાંથી ઉર્વશી રૌતેલા, ઐશ્વર્યા રાય, મૌની રોય, અદિતિ રાવ હૈદરી અને અહેસાસ ચન્ના કાનના રેડ કાર્પેટ પર પહોંચશે. એક્ટ્રેસ તારા સુતારિયા પણ કાન રેડ કાર્પેટ પર ડેબ્યૂ કરવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જનતાને ઓછામાં ઓછું પ્રવાસ કરવા અને ઓછું તેલ-બળતણ વાપરવા અપીલ કરી છે. આ જ કારણ હતું કે મહારાષ્ટ્રનો સાંસ્કૃતિક વિભાગ હવે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લઈ રહ્યો નથી. મહારાષ્ટ્રના સાંસ્કૃતિક કાર્ય મંત્રી આશિષ શેલારે જણાવ્યું કે પીએમ મોદીની અપીલ પછી વિભાગનું પ્રતિનિધિમંડળ હવે કાન નહીં જાય. તેમણે કહ્યું કે વિભાગમાં વાહનોનો ઉપયોગ ઓછો કરવામાં આવશે અને જરૂરી બેઠકોને વર્ચ્યુઅલ માધ્યમથી આયોજિત કરવામાં આવશે.



# 'રાજા શિવાજી'ફિલ્મથી રિતેશ દેશમુખે બનાવ્યો મોટો રેકોર્ડ

### ફિલ્મના માધ્યમથી રિતેશ દેશમુખે એક રેકોર્ડ બનાવી દીધો છે. આ ફિલ્મનું બજેટ 75 કરોડનું હતું આ ફિલ્મે માત્ર 12 દિવસમાં 86.65 કરોડનું ક્લેક્શન કર્યું છે

મુંબઈ

રિતેશ દેશમુખની ફિલ્મ 'રાજા શિવાજી'એ 12 દિવસની અંદર જ દમદાર કમાણી કરી લીધી છે. મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી મોટી અને સફળ ફિલ્મ બની છે. માત્ર મરાઠી જ નહીં સમગ્ર દેશના દર્શકોને શિવાજી મહારાજના જીવન કિસ્સા પર આધારિત ફિલ્મ પસંદ પડી રહી છે. આ ફિલ્મના માધ્યમથી રિતેશ દેશમુખે એક રેકોર્ડ બનાવી દીધો છે. આ ફિલ્મનું બજેટ 75 કરોડનું હતું આ ફિલ્મે માત્ર 12 દિવસમાં 86.65 કરોડનું ક્લેક્શન કર્યું છે.

નેટક્લેક્શન પણ વધ્યું જ્યારે આ ફિલ્મના નેટ ક્લેક્શનની વાત કરવામાં આવે તો 73.15 કરોડનું નેટ ક્લેક્શન થયું છે.આ ફિલ્મ હજુ સિનેમાઘરમાં ચાલી રહી છે અને પ્લસમાં કમાણી કરી રહી છે. 'રાજા શિવાજી' ફિલ્મ સાથે રિતેશ દેશમુખે સતત ચોથી સફળ મરાઠી ફિલ્મ કરી છે. મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રિતેશનું સ્થાન અને કામ દમદાર થઈ રહ્યું છે. મરાઠી દર્શકો પણ રિતેશને પસંદ કરી રહ્યા છે. 'માઉલી', 'લાલ બ્હારી', 'વેડ' ફિલ્મ સફળ રહી હતી. ફિલ્મના ડાયરેક્ટર તરીકે 'રાજા શિવાજી' એમની બીજી સૌથી મોટી અને સફળ ફિલ્મ છે. આ પહેલા વર્ષે 2022માં આવેલી ફિલ્મ 'વેડ'માં પણ રિતેશ એક ડાયરેક્ટર તરીકે રહ્યો હતો. આ ફિલ્મમાં જિનેલિયા લીડ રોલમાં હતી આ ફિલ્મ પણ મરાઠી ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જ સફળ રહી હતી. રિતેશના પુત્રની ફિલ્મોમાં એન્ટ્રી 'રાજા શિવાજી' ફિલ્મે પહેલા જ દિવસે 11 કરોડની કમાણી કરી હતી. એક અઠવાડિયામાં 52.65 કરોડ કમાણી કરી હતી. આ ફિલ્મમાં સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન જેવી મોટી સ્ટારકાસ્ટ છે. આ ફિલ્મથી રિતેશના પુત્રએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી છે. આ ફિલ્મની તૈયારી ઘણા સમયથી ચાલી રહી હતી. આ ફિલ્મ બાદ રિતેશ ફરી કોઈ હિન્દી ફિલ્મમાં કોઈ મોટો પ્રોજેક્ટ સાઈન કરી શકે છે. બીજી તરફ વાવડ એવા પણ છે કે, જિનેલિયા પણ હિન્દી ફિલ્મનો કોઈ પ્રોજેક્ટ સાઈન કરી શકે છે. વિષય અને સ્ક્રિપ્ટ બરોબર રહી તો ફરી જિનેલિયાનો નવો અવતાર ફિલ્મમાં જોવા મળી શકે છે. રિતેશ દેશમુખની ફિલ્મ 'રાજા શિવાજી'એ 12 દિવસની અંદર જ દમદાર કમાણી કરી લીધી છે. મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી મોટી અને સફળ ફિલ્મ બની છે. માત્ર મરાઠી જ નહીં સમગ્ર દેશના દર્શકોને શિવાજી મહારાજના જીવન કિસ્સા પર આધારિત ફિલ્મ પસંદ પડી રહી છે.





# રાગિણી શ્રીમાં આયુષ સાથે નરગિસ ફખરીની જોડી હશે

### અગાઉ તમન્ના ભાટિયા ફિલ્મની મુખ્ય હિરોઈન હશે તેવી ચર્ચા હતી. જોકે, હવે એકતા કપૂરે કાસ્ટિંગમાં ફેરફારો કર્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. નરગિસ ફખરીને છેલ્લાં કેટલાંક વર્ષોથી બહુ જુજ ફિલ્મો મળે છે.

મુંબઈ

એકતા કપૂરની સુપર નેચરલ થ્રીલર 'રાગિણી શ્રી'માં હવે નરગિસ ફખરી તથા આયુષ શર્માની જોડી જોવા મળે તેવી સંભાવના છે. અગાઉ તમન્ના ભાટિયા ફિલ્મની મુખ્ય હિરોઈન હશે તેવી ચર્ચા હતી. જોકે, હવે એકતા કપૂરે કાસ્ટિંગમાં ફેરફારો કર્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. નરગિસ ફખરીને છેલ્લાં કેટલાંક વર્ષોથી બહુ જુજ ફિલ્મો મળે છે. આથી આ પ્રોજેક્ટમાં તેની એન્ટ્રી આશ્ચર્યજનક ગણાય છે. એક દાવા અનુસાર નરગિસ આ ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવાની છે. એકતા કપૂરે આ પ્રોજેક્ટ શરુ કર્યા બાદ ડાયરેક્ટર પણ બદલી નાખ્યા છે. અગાઉ સાહિર રઝા આ ફિલ્મનું દિગ્દર્શન કરવાના હતા. તેને બદલે હવે શશાંક ઘોષને ડિરેક્શન સોંપાયું છે. એકતા કપૂરની સુપર નેચરલ થ્રીલર 'રાગિણી શ્રી'માં હવે નરગિસ ફખરી તથા આયુષ શર્માની જોડી જોવા મળે તેવી સંભાવના છે. અગાઉ તમન્ના ભાટિયા ફિલ્મની મુખ્ય હિરોઈન હશે તેવી ચર્ચા હતી. જોકે, હવે એકતા કપૂરે કાસ્ટિંગમાં ફેરફારો કર્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. નરગિસ ફખરીને છેલ્લાં કેટલાંક વર્ષોથી બહુ જુજ ફિલ્મો મળે છે. આથી આ પ્રોજેક્ટમાં તેની એન્ટ્રી આશ્ચર્યજનક ગણાય છે. એક દાવા અનુસાર નરગિસ આ ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવાની છે. એકતા કપૂરે આ પ્રોજેક્ટ શરુ કર્યા બાદ ડાયરેક્ટર પણ બદલી નાખ્યા છે. અગાઉ સાહિર રઝા આ ફિલ્મનું દિગ્દર્શન કરવાના હતા. તેને બદલે હવે શશાંક ઘોષને ડિરેક્શન સોંપાયું છે. એકતા કપૂરની સુપર નેચરલ થ્રીલર 'રાગિણી શ્રી'માં હવે નરગિસ ફખરી તથા આયુષ શર્માની જોડી જોવા મળે તેવી સંભાવના છે. અગાઉ તમન્ના ભાટિયા ફિલ્મની મુખ્ય હિરોઈન હશે તેવી ચર્ચા હતી. જોકે, હવે એકતા કપૂરે કાસ્ટિંગમાં ફેરફારો કર્યા હોવાનું કહેવાઈ રહ્યું છે.

# યુવાન દેખાવાની લ્હાયે શેફાલી જરીવાલાનો જીવ લીધો?:'કાંટા લગા' ગર્લના પતિ પરાગે ચર્ચાઓ પર કહ્યું, 'જો આવું ઈન્જેક્શન હોત, તો રતન ટાટા જીવતા હોત'

મુંબઈ

'કાંટા લગા' ગીત ફેમ એક્ટ્રેસ શેફાલી જરીવાલાનું 27 જૂન 2025ના રોજ નિધન થયું. ત્યારબાદ સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે, સુંદરતા માટે લીધેલા ઈન્જેક્શનના કારણે એક્ટ્રેસનું મોત નિપજ્યું છે. હવે આ અંગે તેના પતિ અને એક્ટર પરાગ ત્યાગીએ પ્રતિક્રિયા આપી છે. 'ફિલ્મીજ્ઞાન' (એન્ટરટેઇનમેન્ટ વેબસાઈટ) સાથેની વાતચીતમાં પરાગ ત્યાગીએ કહ્યું, 'અમે લોકો બિલકુલ નોર્મલ ભોજન કરતા હતા. નૂડલ્સથી લઈને આઈસ્ક્રીમ સુધી બધું જ ખાતા હતા. શેફાલી પણ અઠવાડિયામાં એક-બે વાર આઈસ્ક્રીમ ખાતી હતી. ઘરમાં દાળ, શાક, રોટલી અને કાર્બોહાઈડ્રેટવાળી વસ્તુઓ બધી બનતી હતી. બસ પ્રોટીન થોડું વધારે રહેતું હતું.' પરાગે વધુમાં કહ્યું, 'તે પોતાની આખી લાઈફમાં આ સમયે સૌથી વધુ ફિટ હતી.' તેણે ઈન્જેક્શન સંબંધિત દાવાઓ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું, 'મને નથી ખબર કે કોણ અમારા ઘરમાં આવીને જોઈ ગયું છે કે કોણે આ બધું કહી દીધું?' ગોરા થવાના ઈન્જેક્શનની ચર્ચાઓ પર પરાગે કહ્યું, 'તેને (શેફાલી) વધુ ગોરા થવાની શું જરૂર હતી? તે નેચરલ બ્યુટી હતી.' જ્યારે, યુવાન દેખાડતા ઈન્જેક્શનની વાત પર તેણે કહ્યું, 'જો યુવાન થવાના ઈન્જેક્શન આવતા હોય, તો મને પણ કહી દેજો. તમે પણ લઈ લેજો, તમારા માતા-પિતાને પણ અપાવી દેજો.'

તેણે આગળ કહ્યું, 'જો એવું કોઈ ઈન્જેક્શન હોત, જે માણસને હંમેશા યુવાન રાખત, તો કદાચ રતન ટાટા જી આજે જીવતા હોત.' અફવાઓ પર નારાજગી વ્યક્ત કરતા પરાગે કહ્યું, 'મિત્રો, કૃપા કરીને દેખાડા પર ન જાઓ, તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. આજે વોટ્સએપ યુનિવર્સિટી અને સોશિયલ મીડિયા પર લોકો કંઈ પણ વાંચી લે છે, પરંતુ તેના વિશે રિસર્ચ કરતા નથી. નેગેટિવ વસ્તુઓ લોકોને ખૂબ જ ઝડપથી વેચાય છે.'



### 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને પણ મળ્યું સ્થાન મર્યાદિત ઓવરની સીરિઝ દામ્બુલામાં રમાશે

# શ્રીલંકા વન-ડે સીરિઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર, તિલક વર્મા કેપ્ટન

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ(BCCI) એ જૂન 2026માં શ્રીલંકામાં યોજાનારી ટ્રાઈ નેશન વનડે સીરિઝ માટે 'ઈન્ડિયા A' ટીમની જાહેરાત કરી છે. આ માટે સિલેક્શન કમિટીએ યુવા ખેલાડીઓની 15 સદસ્યોની ટીમ પસંદ કરી છે, જેના કેપ્ટન તરીકે તિલક વર્માને જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રાઈ નેશન વનડે સીરિઝ માટે 'ઈન્ડિયા A' ટીમની જાહેરાત જ્યારે 'ઈન્ડિયા A' ટીમના વાઈસ કેપ્ટન તરીકે રિયાન પરાગ રહેશે. જેમાં સૌથી મોટી વાત એ છે કે, આ ટીમમાં 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને મોંકો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, પંજાબ કિંગ્સના બેટર પ્રિયાંશ આર્યને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ટ્રાઈ સીરિઝમાં ઈન્ડિયા A ઉપરાંત, શ્રીલંકા A અને અફઘાનિસ્તાન A ટીમો ભાગ લેશે. આ મર્યાદિત ઓવરની



સીરિઝ દામ્બુલામાં રમાશે. ત્યારબાદ ઈન્ડિયા A ટીમ શ્રીલંકા A સામે બે મલ્ટી-ડે મેચ પણ રમશે. જ્યારે રેડ-બોલ સીરિઝ માટે એક અલગ ટીમની જાહેરાત પછીથી કરવામાં આવશે. મલ્ટી-ડે મેચો ગૉલમાં યોજાશે. ટીમ ઈન્ડિયામાં ઘણા યુવા ખેલાડીઓ છે, જેમણે ઘરેલુ ક્રિકેટ અને 2026 IPLમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. જેમાં વૈભવ સૂર્યવંશી, પ્રિયાંશ આર્ય, આયુષ બદોની, નિશાંત સિંધુ અને હર્ષ દુબે જેવા નામોનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રભસિમરન સિંહ અને કુમાર કુશાગ્રને વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ઈન્ડિયા A સ્ક્વોડઃ તિલક વર્મા(કેપ્ટન), પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, રિયાન પરાગ (વાઈસ-કેપ્ટન), આયુષ બદોની, નિશાંત સિંધુ, હર્ષ દુબે, સૂર્યાંશ શેડગે, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), કુમાર કુશાગ્ર (વિકેટકીપર), વિપરાજ નિગમ, યશ ઠાકુર, યુદ્ધવીર સિંહ, અંશુલ કંબોજ, અરશદ ખાન. બોલિંગ વિભાગમાં યશ ઠાકુર, યુદ્ધવીર સિંહ, અંશુલ કંબોજ અને અરશદ ખાનને તક આપવામાં આવી છે. જ્યારે ઓલરાઉન્ડર વિકલ્પો તરીકે રિયાન પરાગ, નિશાંત સિંધુ, હર્ષ દુબે અને વિપરાજ નિગમ ટીમને સંતુલન પૂરું પાડશે.

## બેંગલુરુ પોઈન્ટ્સ ટેબલમાં નંબર-1 પર પહોંચ્યું

મુંબઈ

IPL 2026 ના લીગ સ્ટેજમાં હવે 13 મેચ બાકી છે. મુંબઈ ઈન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ પ્લેઓફમાંથી બહાર થઈ ગઈ છે, જ્યારે બાકીની 8 ટીમો ટોપ-4 ની રેસમાં યથાવત છે. કોલકાતાને હરાવીને બેંગલુરુ પોઈન્ટ્સ ટેબલના ટૉપ પર પહોંચી ગઈ છે. ગુજરાત અને બેંગલુરુ બંનેના 16-16 પોઈન્ટ્સ છે, પરંતુ સારા રનરેટને કારણે બેંગલુરુ પ્રથમ સ્થાને છે. બુધવારની હાર પછી કોલકાતાની રાહ મુશ્કેલ બની ગઈ છે. ટીમને હવે બાકીની બધી મેચ જીતવી પડશે. બેંગલુરુ અને ગુજરાતને પ્લેઓફ પાક્કું કરવા માટે બાકી રહેલા 2 માંથી એક-એક મેચ જીતવી પડશે. બંને ટીમોના 16-16 પોઈન્ટ્સ છે. બેંગલુરુનો નેટ રનરેટ (+1.053) લીગમાં સૌથી સારો છે. બેંગલુરુનો મુકાબલો પંજાબ અને હૈદરાબાદ સામે છે, જ્યારે ગુજરાતને કોલકાતા અને ચેન્નઈ સામે રમવાનું છે. કોલકાતા 8મા સ્થાને કોલકાતા નાઈટ રાઈડર્સની સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે. ટીમને 4 મેચ પછી હાર મળી. ટીમના 11 મેચમાં 9 પોઈન્ટ્સ છે અને 3 મેચ બાકી છે. કોલકાતાને પ્લેઓફની આશા જાળવી રાખવા માટે તમામ મુકાબલા જીતવા પડશે. ટીમનો આગલો મેચ ગુજરાત, મુંબઈ અને દિલ્હી સામે છે. પંજાબને મુંબઈને હરાવવું જ પડશે પંજાબ કિંગ્સ સતત 4 મેચ હારીને ચોથા સ્થાને સરકી ગઈ છે. ટીમના 13 પોઈન્ટ્સ છે અને દરેક મેચ મહત્વની બની ગઈ છે. પંજાબનો મુકાબલો આજે મુંબઈ સામે થશે, જ્યાં તેને જીત જોઈએ. આ પછી ટીમ બેંગલુરુ અને લખનઉ સામે રમશે. જો ટીમ 2 મેચ જીતે છે તો પ્લેઓફમાં પહોંચવું પાક્કું થઈ જશે. હૈદરાબાદની 2 મેચ બાકી સનરાઈઝર્સ હૈદરાબાદના 14 પોઈન્ટ્સ છે. ગુજરાતે છેલ્લી મેચમાં ટીમને 82 રનથી હરાવીને મુશ્કેલીમાં મૂકી દીધી. તેનો નેટ રનરેટ +0.331 છે. હૈદરાબાદને પ્લેઓફમાં પહોંચવા માટે હવે ચેન્નઈ અને બેંગલુરુને હરાવવા પડશે.

### IPLની બાકીની મેચ રમવી મુશ્કેલ

## પ્લેઓફની રસાકસી વચ્ચે CSKને ઝટકો!: જેમી ઓવરટન ઈજાના કારણે ઈંગ્લેન્ડ પરત ફર્યો

મુંબઈ

ચેન્નઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર જેમી ઓવર્ટન જમણી જાંઘની ઈજાને કારણે ઈંગ્લેન્ડ પરત ફર્યો છે. ફ્રેન્ચાઈઝીએ બુધવારે રાત્રે સોશિયલ પ્લેટફોર્મ X પર આ માહિતી આપી હતી. જોકે, ટીમે સ્પષ્ટ કર્યું નથી કે તે કેટલો સમય બહાર રહેશે, પરંતુ IPL સિઝનમાં બાકીની લીગ મેચોમાં તેનું રમવું મુશ્કેલ લાગી રહ્યું છે. તે આ સિઝનમાં ચેન્નઈના ટોપ વિકેટ ટેકર્સની યાદીમાં બીજા સ્થાને છે. ડેબ્યૂ મેચમાં ઘોષનો પગ ફ્રેક્ચર થયો CSK એ પણ જણાવ્યું કે તેણે ઈજાગ્રસ્ત ઓલરાઉન્ડર રામકૃષ્ણ ઘોષના સ્થાને કર્ણાટકના ઓલરાઉન્ડર મેકનિલ નોરોન્હાને ટીમમાં સામેલ કર્યો છે. ઘોષને 3 મેના રોજ મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેની ડેબ્યૂ મેચમાં ઈજા થઈ



હતી. પગમાં ફ્રેક્ચર થવાને કારણે તેને આખી સિઝનમાંથી બહાર થવું પડ્યું હતું. ઘોષે તેની એકમાત્ર મેચમાં 24 રન આપીને 1 વિકેટ લીધી હતી. મેકનિલ નોરોન્હા હાલમાં ઘરેલુ ક્રિકેટમાં શાનદાર ફોર્મમાં રહ્યો છે. તાજેતરમાં BCCIના વાર્ષિક 'નમન એવોર્ડ્સ'માં તેમને એમએ ચિદમ્બરમ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યો હતો. તે 2024-25ની કર્નલ સીકે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. તેણે મહારાજા ટ્રોફી 2025માં મંગલુરુ ડ્રેગન્સ માટે રમતા 10 ઈનિંગ્સમાં 253 રન બનાવ્યા અને ઓફ-સ્પિનથી 10 વિકેટ પણ લીધી હતી. ઓવર્ટન અને ઘોષ ઉપરાંત, ચેન્નઈના અન્ય 3 ખેલાડીઓ પણ ઈજાને કારણે બહાર થયા છે, જેમાં ખલીલ અહેમદ, આયુષ મ્હાત્રે અને નાથન એલિસ જેવા નામોનો સમાવેશ થાય છે.

# વિરાટ કોહલીએ રચ્યો ઈતિહાસ, રોહિત-ધોની થયા પાછળ

### IPLમાં 9મી સદી ફટકાર્યા બાદ વિરાટ કોહલી ઈમોશનલ થયો

મુંબઈ

આઈપીએલ 2026માં વિરાટ કોહલીનું શાનદાર ફોર્મ જારી છે. રાયપુરમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામેની મેચમાં મેદાનમાં ઉતરતાની સાથે જ કોહલીએ અનેક ઐતિહાસિક સિદ્ધિઓ પોતાના નામે કરી છે. વિરાટ હવે આઈપીએલ ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી બની ગયો છે. કોહલીએ આ મેચમાં આક્રમક બેટિંગ કરતા 11 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી માત્ર 60 બોલમાં અણનમ 105 રન બનાવ્યા હતા. આ તેના આઈપીએલ કરિયરની 9મી સદી અને ઓવરઓલ ટી20 કરિયરની 10મી સેન્ચુરી હતી. કોહલીના આ શતકના જોરે RCB એ KKR સામે 6 વિકેટે વિજય મેળવ્યો છે. મેચ રમવાનો નવો રેકોર્ડ KKR સામેની આ મેચ કોહલીના IPL કરિયરની 279મી મેચ હતી. આ સાથે જ તેણે એમએસ ધોની અને રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો છે, જેઓ 278-278 મેચો સાથે સંયુક્ત રીતે ટોપ પર હતા. આઈપીએલ 2026ની સિઝનમાં રવિવારે રમાયેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) વચ્ચેની રોમાંચક મેચ ક્રિકેટ પ્રેમીઓ માટે યાદગાર બની ગઈ છે. આ મેચમાં કિંગ કોહલીએ પોતાની બેટિંગનો જાદુ ચલાવતા આઈપીએલ કરિયરની 9મી સદી ફટકારી હતી. કોહલીના અણનમ 105 રનની મદદથી આરસીબીએ કેકેઆરને 6 વિકેટે હરાવીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. મેચમાં વિજય અપાવ્યા બાદ જ્યારે વિરાટ કોહલી આ રેકોર્ડ્સ વિશે વાત કરવા આવ્યો ત્યારે તે થોડો ભાવુક દેખાયો હતો. તેણે હૃદયસ્પર્શી વાત કરતા કહ્યું, મને આ સ્તર પર રમવું અને વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ સામે સ્પર્ધા કરવી એ મારા માટે ગર્વની વાત છે. મને બેટિંગ ખૂબ ગમે છે અને ક્રિકેટ સાથે મને સાચો પ્રેમ છે. પરંતુ હું જાણું છું કે એક દિવસ આ બધું ખતમ થઈ જશે, તેથી હું મેદાન પરની દરેક ક્ષણને માણવા માંગુ છું. કોહલીએ વધુમાં ઉમેર્યું કે, તે મેદાન પર હંમેશા પોતાનું હૃદય અને આત્મા લગાવી દે છે, કારણ કે તે દરેક ક્ષણનો પૂરો આનંદ લેવા માંગે છે. તેના માટે આંકડાઓ કરતા રમત પ્રત્યેનો પ્રેમ વધુ મહત્વનો છે. પ્રથમ બેટિંગ કરતા કેકેઆરએ અંગક્રિશ રઘુવંશીના 71 રન અને રિંકુ સિંહના અણનમ 49 રનની મદદથી 192 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. જવાબમાં આરસીબી તરફથી કોહલીએ 60 બોલમાં 11 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે 105 રનની અણનમ ઈનિંગ રમી હતી. કોહલી અને દેવદત્ત પડિક્કલ (37 રન) વચ્ચેની 92 રનની ભાગીદારીએ જીતનો પાયો નાખ્યો હતો. આ શાનદાર જીત સાથે આરસીબી હવે 12 મેચમાં 16 પોઈન્ટ સાથે ટેબલમાં પ્રથમ ક્રમે છે, જ્યારે કેકેઆર 11 મેચમાં 9 પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે. મેચ રમવાનો નવો રેકોર્ડ KKR સામેની આ મેચ કોહલીના IPL કરિયરની 279મી મેચ હતી. આ સાથે જ તેણે એમએસ ધોની અને રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો છે, જેઓ 278-278 મેચો સાથે સંયુક્ત રીતે ટોપ પર હતા.





### ઘરેલું સપ્લાય અને કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે નિર્ણય

# ભારતે ખાંડની નિકાસ પર સુધી પ્રતિબંધ મૂક્યો

મુંબઈ

કેન્દ્ર સરકારે ખાંડની નિકાસ (એક્સપોર્ટ) પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ દેશમાં ખાંડ એટલે કે સુગરની ઉપલબ્ધતા જાળવી રાખવા અને કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે લાદવામાં આવ્યો છે. 13 મેથી લાદવામાં આવેલો આ પ્રતિબંધ 30 સપ્ટેમ્બર 2026 સુધી અથવા આગામી આદેશ સુધી લાગુ રહેશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આ સંબંધમાં નોટિફિકેશન બહાર પાડ્યું છે. હવે 'રિસ્ટ્રિક્ટેડ' નહીં 'પ્રોહિબિટેડ' કેટેગરીમાં રહેશે ખાંડ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, રો સુગર, વ્હાઈટ સુગર અને રિફાઈન્ડ સુગરની નિકાસ નીતિમાં ફેરફાર



કરવામાં આવ્યો છે. પહેલાં આ 'રિસ્ટ્રિક્ટેડ' (પ્રતિબંધિત) કેટેગરીમાં હતું, જેને હવે 'પ્રોહિબિટેડ' (નિષેધ) કેટેગરીમાં મૂકવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે હવે સરકારી પરવાનગી વિના ખાંડની નિકાસ કરી શકાશે નહીં. ભલે સરકારે વૈશ્વિક નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હોય, પરંતુ કેટલાક ખાસ આંતરરાષ્ટ્રીય કરારોને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. ભારત યુરોપિયન યુનિયન (EU) અને અમેરિકાને CXL અને TRQ ક્વોટા હેઠળ ખાંડની નિકાસ ચાલુ રાખશે.

આ માટે જે પ્રક્રિયા પહેલેથી નક્કી છે, તે મુજબ જ શિપમેન્ટ મોકલવામાં આવશે. આ ઉપરાંત, એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ (AAS) હેઠળ થતા શિપમેન્ટ પર પણ આ પ્રતિબંધ લાગુ પડશે નહીં. જે જહાજોમાં ખાંડની લોડિંગ નોટિફિકેશન બહાર પાડવામાં આવે તે પહેલાં શરૂ થઈ ગઈ હતી, તેમને જવા દેવામાં આવશે. જો શિપિંગ બિલ ફાઈલ થઈ ગયું હોય અને જહાજો ભારતીય બંદરો પર લંગર નાખી ચૂક્યા હોય, તો તેમને નિકાસ કરવાની મંજૂરી મળશે.

જે કન્સાઈનમેન્ટ કસ્ટમને સોંપવામાં આવ્યા છે અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં રજિસ્ટર્ડ છે, તેમના પર પણ આ પ્રતિબંધ હાલ પૂરતો લાગુ પડશે નહીં.

### મે-જૂન સુધીમાં કંપનીનો IPO આવી શકે છે

# આકાશ અંબાણી જિયો પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેક્ટર બન્યા: 5 વર્ષ માટે મળી નવી જવાબદારી

મુંબઈ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ આર્મ 'જિયો પ્લેટફોર્મ્સ' એ આકાશ અંબાણીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક કંપનીના ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (IPO) પહેલાં જ કરવામાં આવી છે. રેગ્યુલેટરી ફાઈલિંગ મુજબ, આકાશ અંબાણીનો કાર્યકાળ 9 એપ્રિલ 2026થી અમલમાં આવ્યો છે અને તેઓ આગામી 5 વર્ષ સુધી આ પદ પર રહેશે.

મેના અંતમાં અથવા જૂનમાં IPO માટે ડ્રાફ્ટ પેપર્સ સંભવ બજાર નિષ્ણાતો અને રેગ્યુલેટરી ફાઈલિંગના સંકેતો અનુસાર, જિયો પ્લેટફોર્મ્સ મેના અંતમાં અથવા જૂન મહિનામાં તેના IPO માટે ડ્રાફ્ટ પેપર્સ (DRHP) ફાઈલ કરી શકે છે. આકાશ અંબાણીને MD બનાવવાનો નિર્ણય આ લિસ્ટિંગની તૈયારી સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે. કંપની




તેની લીડરશિપ ટીમને મજબૂત કરીને રોકાણકારોને સ્પષ્ટ વિઝન આપવા માંગે છે. આકાશ અંબાણી ઓક્ટોબર 2014 થી રિલાયન્સ જિયો ઈન્ફોકોમ (RJIL)ના બોર્ડનો ભાગ છે. તેઓ ગ્રુપની ડિજિટલ અને ટેલિકોમ સ્ટ્રેટેજીને નજીકથી જોતા રહ્યા છે. જૂન 2022 માં તેમને રિલાયન્સ જિયો ઈન્ફોકોમના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. હવે જિયો પ્લેટફોર્મ્સના એમડી તરીકે તેમની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની જશે, કારણ કે આ કંપની રિલાયન્સના સમગ્ર ડિજિટલ ઈકોસિસ્ટમને નિયંત્રિત કરે છે. કંપનીની ફાઈનાન્સિયલ્સ ઘણી મજબૂત છે. નાણાકીય વર્ષ 2025-26 માં જિયો પ્લેટફોર્મ્સે કુલ 1.46 લાખ કરોડ રૂપિયાની રેવન્યુ હાંસલ કરી છે. આ સમયગાળા દરમિયાન કંપનીનો નેટ પ્રોફિટ 30,000 કરોડ રૂપિયાથી વધુ રહ્યો. જિયો પ્લેટફોર્મ્સનું કામ શું છે? જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ (JPL) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સહાયક કંપની છે. તેમાં રિલાયન્સ જિયો ઈન્ફોકોમ (ટેલિકોમ), માય જિયો, જિયો સિનેમા, જિયો સાવન અને અન્ય ડિજિટલ એપ્સનો સમાવેશ થાય છે.

### સોનાના વાયદામાં રૂ.44નો સુધારો, ચાંદીનો વાયદો રૂ.4357 નરમ


# ક્રૂડ તેલનો વાયદો રૂ.62 લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.34481.06 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.463921.72 કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 23754.47 કરોડનાં કામકાજઃ બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 40063 પોઇન્ટના સ્તરે

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.498403.99 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.34481.06 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.463921.72 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 40063 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4222.45 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 23754.47 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.161888ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.163055 અને નીચામાં રૂ.161027ના મથાળે અથડાઈ, રૂ.162186ના આગલા બંધ સામે રૂ.44 વધી રૂ.162230 થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.55 ઘટી રૂ.130068 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.8 વધી રૂ.16294ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.99 વધી રૂ.161656 થયો હતો.




ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.161720ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.162551 અને નીચામાં રૂ.158200ના મથાળે અથડાઈ, રૂ.161723ના આગલા બંધ સામે રૂ.197 વધી રૂ.161920ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.298373ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.299000 અને નીચામાં રૂ.294450ના મથાળે અથડાઈ, રૂ.300238ના આગલા બંધ સામે રૂ.4357 ઘટી રૂ.295881ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.3703 ઘટી રૂ.298431ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3806 ઘટી રૂ.298351ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 4995.77 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.9 ઘટી રૂ.1394ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.5.1 વધી રૂ.369.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો 65 પૈસા ઘટી રૂ.385.45ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 30 પૈસા વધી રૂ.204.45 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 5551.75 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4576ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4611 અને નીચામાં રૂ.4535ના સ્તરને સ્પર્શી, રૂ.41 ઘટી રૂ.4558 થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9706ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9804 અને નીચામાં રૂ.9541ના સ્તરને સ્પર્શી, રૂ.9711ના આગલા બંધ સામે રૂ.62 ઘટી રૂ.9649ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.65 ઘટી રૂ.9646 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.2.1 ઘટી રૂ.273.1 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.2.1 ઘટી રૂ.273.1 થયો હતો.

# સેન્સેક્સ 790 પોઈન્ટ વધીને 75,399 પર બંધ

■ નિફ્ટીમાં 277 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેન્કિંગ અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 14 મેના રોજ તેજી જોવા મળી. સેન્સેક્સ 790 પોઈન્ટ (1.06%)ના ઉછાળા સાથે 75,399 પર બંધ રહ્યો. નિફ્ટીમાં પણ 277 પોઈન્ટ (1.18%)નો વધારો જોવા મળ્યો,

તે 23,690 પર બંધ થયો. મેટલ, બેન્કિંગ, હેલ્થ કેર અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી. જ્યારે IT શેરોમાં આજે વેચવાલી રહી.



નિષ્ણાતોના મતે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે આજે બેઈજિંગમાં બે દિવસીય મહત્વપૂર્ણ બેઠક શરૂ થઈ રહી છે. તેનાથી ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થવાની અપેક્ષા છે. આ પહેલા ગઈકાલે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 50 પોઈન્ટના ઉછાળા સાથે 74,609 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 33 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જે 23,413 ના સ્તરે બંધ થયો હતો.

# AMCના અધિકારી-કર્મચારી માટે ફરજિયાત કાર પુલિંગ..!


■ ફિલ્ડ વિઝિટમાં પણ નિયમ લાગુ, BRTS-AMTSનો મહત્તમ ઉપયોગ કરવા સૂચના, કમિશનરે પરિપત્ર કર્યો

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પેટ્રોલ-ડીઝલ બચાવવાની અપીલની પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ માટે કાર પુલિંગનો નિયમ ફરજિયાત કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ પરિપત્ર કરી જણાવ્યું હતું કે, જે કર્મચારીઓ એક જ મ્યુનિસિપલ ઓફિસના કમ્પાઉન્ડમાં અથવા નજીકની મ્યુનિસિપલ ઓફીસમા ફરજ બજાવતા હોય અને ઓફીસ આવવા જવા માટે કારનો ઉપયોગ કરતા હોય તો તેઓએ તેમની રહેઠાણની નજીક રહેતા કર્મચારીઓ સાથે ઓફીસ આવવા જવા માટે કાર પુલીંગ કરીને આવવાનુ રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી-કર્મચારીઓએ AMTS, BRTS, મેટ્રો જેવી પબ્લિક ટ્રાન્સપોર્ટનો મહતમ ઉપયોગ કરવા પણ જણાવવામાં આવ્યું છે.

જે અધિકારીઓને ફીલ્ડ વિઝીટમાં જવાનુ હોય તેમણે સાથી અધિકારી-કર્મચારીઓ સાથે કાર પુલિંગ કરીને કે ટુ વ્હીલર શેરીંગ કરીને ફિલ્ડ વિઝીટમાં જવાનુ રહેશે. જે કર્મચારીઓ એક જ મ્યુનિસિપલ ઓફિસના કમ્પાઉન્ડમાં અથવા નજીકની મ્યુનિસિપલ ઓફીસમા ફરજ બજાવતા હોય અને ઓફીસ આવવા જવા માટે ટુ વ્હીલરનો ઉપયોગ કરતા હોય તો તેઓએ તેમની રહેઠાણની નજીક રહેતા કર્મચારીઓ સાથે ઓફીસ આવવા જવા માટે ટુ વ્હીલર શેરીગ કરીને આવવા જવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. હર્ષ સંઘવીએ અમેરિકાનો પ્રવાસ રદ કર્યો, PMની અપીલની





અસર:રાજ્યપાલ ST-ટ્રેનમાં મુસાફરી કરશે, ગુજરાત યુનિ.નો કાર પુલિંગનો નિર્ણય; મંત્રીઓ પાયલોટિંગ કારનો ઉપયોગ નહીં કરે

પીએમ મોદીના વર્ક ફ્રોમ હોમ અને પેટ્રોલ ડીઝલના વપરાશ મુદ્દેના નિવેદન બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાર પુલિંગનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ઈંધણની બચત થશે. ગુજરાત યુનિવર્સિટીમાં હાલ વર્ક ફ્રોમ હોમની કોઈ વ્યવસ્તા નથી. પરંતુ કાર પુલિંગનો નિર્ણય છે જે અંગે સત્તાવાર પરિપત્ર પણ કર્યો છે.

તાજેતરમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના વિશાળ કાર કાફલામાંથી બે-ચાર ગાડીઓ ઓછી કરીને એવી હવા ઊભી કરવામાં આવી કે સરકાર ભારે કરકસર કરી રહી છે. પરંતુ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે, આ માત્ર જનતાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ છે. કાફલામાં ગાડીઓની સંખ્યા ઘટવાથી પેટ્રોલ-ડીઝલના ખર્ચમાં કોઈ મોટો તફાવત આવતો નથી, કારણ કે મંત્રીઓનો સરકારી ઠઠારો અને વીઆઈપી કલ્ચર હજુ પણ અકબંધ છે. એક તરફ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉમદા ઉદાહરણ પૂરું પાડતા જાહેરાત કરી છે કે, જ્યાં સુધી યુદ્ધની સ્થિતિ થાળે ન પડે ત્યાં સુધી તેઓ શક્ય હોય ત્યાં સુધી એસ. ટી. બસ કે રેલવેમાં મુસાફરી કરશે. રાજ્યપાલની આ સાદગીની પ્રશંસા થઈ રહી છે, ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી જેવા નેતાઓ હજુ પણ હેલિકોપ્ટર અને વૈભવી સરકારી કારોના મોહમાંથી બહાર આવી શક્યા નથી.

### ગામડી-અસ્લાલી રોડ પર

# ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને અન્ય ટ્રકે અડફેટે લેતા મોત

આ ઘટના જ્યાં બની તે ગામડી-અસ્લાલી રોડ અમદાવાદમાં આવતા અને જતા ભારે વાહનો માટેનો અત્યંત વ્યસ્ત કોરિડોર માનવામાં આવે છે

અમદાવાદ

અમદાવાદના ગામડી-અસ્લાલી રોડ પર ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને અન્ય એક પુરપાટ ઝડપે આવતી ટ્રકે અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત બાદ ફરાર થઈ ગયેલા ટ્રક ચાલકની પોલીસે શોધખોળ હાથ ધરી છે. મૃતકની ઓળખ મહેન્દ્રભાઈ શ્યામશંકર પાંડે તરીકે થઈ છે.

મળતી માહિતી અનુસાર, મહેન્દ્રભાઈ પાંડે પોતાની ટ્રક લઈને ગામડી-અસ્લાલી પટ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન શિવ પાર્કિંગ નજીક તેમને વાહનના ટાયરમાં પંચર પડ્યું હોવાની શંકા ગઈ હતી. પોતાની શંકા દૂર કરવા માટે મહેન્દ્રભાઈએ ટ્રક રસ્તાની સાઈડમાં રોકી હતી. તેઓ જેવી ગાડીની નીચે ઉતરીને ટાયરની તપાસ કરવા ગયા, આ દરમિયાન પાછળથી આવી રહેલી એક બેફામ ટ્રકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહેન્દ્રભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના જ્યાં બની તે ગામડી-અસ્લાલી રોડ અમદાવાદમાં આવતા અને જતા ભારે વાહનો માટેનો અત્યંત વ્યસ્ત કોરિડોર માનવામાં આવે છે. અકસ્માત થતા જ આસપાસના સ્થાનિક રહેવાસીઓ અને પસાર થતા વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોકે, ગંભીર ઈજાઓને કારણે મહેન્દ્રભાઈ પાંડેને તબીબો દ્વારા મૃત જાહેર



કરવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક અને તેના ડ્રાઈવરની ઓળખ કરવા માટે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ એકત્રિત કરવાનું શરૂ કર્યું છે.

### માલિક અને મેનેજરની અટકાયત

# ઓઢવમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ..!

અમદાવાદ

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં સ્પા સેન્ટરની આડમાં ચાલતા દેહવ્યાપારના રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ઓઢવ પોલીસે બાતમીના આધારે એસ.પી. રિંગ રોડ પર આવેલા એક સ્પામાં નકલી ગ્રાહક મોકલીને દરોડો પાડ્યો હતો અને સ્પાના માલિક તથા મેનેજરની અટકાત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, ઓઢવ પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે એસ.પી. રિંગ રોડ પર આવેલા 'ન્યૂ લૂક સ્પા'માં ગ્રાહકોને પૈસાના બદલામાં જાતીય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ માહિતીની ખરાઈ કરવા માટે પોલીસે એક નકલી ગ્રાહક તૈયાર કરીને સ્પામાં મોકલ્યો હતો. નકલી ગ્રાહકે મેનેજર સાથે વાટાઘાટો કરી પૈસા આપતા જ પોલીસે પંચ સાક્ષીઓ અને મહિલા પોલીસ કર્મચારીઓ સાથે 13મી મેના રોજ દરોડો પાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, સ્પાના માલિક 39 વર્ષીય મનીષ કુમાર પંચાલ પર રાજ્યની બહારથી



મહિલાઓને લાવી, નોકરીની લાલચ આપી દેહવ્યાપારમાં ધકેલવાનો આરોપ છે. જ્યારે મેનેજર રહીમ રાજકુમાર બોરજોલા જે ત્રિપુરાનો તેની પણ અટકાયત કરી છે. દરોડા દરમિયાન સ્પાના વિવિધ રૂમમાંથી પોલીસને કેટલીક મહિલાઓ અને ગ્રાહકો મળી આવ્યા હતા.

### પોલીસે બે બુટલેગરની કરી ધરપકડ

# જશોદાનગર રોડ પર દેશી દારૂની રેલમછેલ

વટવા GIDC પોલીસને અગાઉથી જ દારૂની આ ખેપ અંગે બાતમી મળી હતી, જેના આધારે નાઈટ ડ્યુટી દરમિયાન સઘન વોચ ગોઠવવામાં આવી હતી

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રામોલ વિસ્તારમાં પોલીસથી બચવા જતાં બુટલેગરોની આઈસર ટ્રકમાંથી દેશી દારૂનો જથ્થો રસ્તા પર ઢોળાયો હતો. વટવા GIDC પોલીસે બાતમીના આધારે ઓપરેશન પાર પાડી ખેડાના બે શખસોને ઝડપી પાડ્યા છે, જેઓ અમદાવાદના અસારવા વિસ્તારમાં દારૂની ખેપ મારવા આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, જશોદાનગરથી હાથીજણ સર્કલ તરફ જતા માર્ગ પર અચાનક એક આઈસર ટ્રકમાંથી દારૂની પોટલીઓ ભરેલા થેલા રસ્તા પર પટકાયા હતા. થેલો ફાટી જતાં રોડ પર દારૂની રેલમછેલ જોવા મળી હતી અને સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ



હતી. ત્યાંથી પસાર થતા વાહનચાલકો આ દ્રશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા. વટવા GIDC પોલીસને અગાઉથી જ દારૂની આ ખેપ અંગે બાતમી મળી હતી, જેના આધારે નાઈટ ડ્યુટી દરમિયાન સઘન વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પોલીસને જોઈને ગભરાયેલા બુટલેગરોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં દારૂનો જથ્થો રસ્તા પર ઢોળાયો હતો. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને આઈસર ટ્રકને આંતરી લીધી હતી. તપાસમાં ટ્રકની ડીઝલ ટેન્કની ઉપર પતરાની ખાસ પેટી બનાવીને તૈયાર કરાયેલું ચોરખાનું મળી આવ્યું હતું, જેમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સાદિક મિયા મલેક (રહે. ઉમરેઠ) ગણપતભાઈ તળપદા (રહે. ખેડા)ની ધરપકડ કરી છે.

### રફ્તારનો કહેર યથાવત

# BRTS કોરિડોરમાં રિક્ષા ડિવાઈડર અને ઝાડ સાથે અથડાતાં કચ્ચરઘાણ

અમદાવાદ

ગાંધીનગરના માર્ગો પર બેફામ દોડતા વાહનો હવે નિર્દોષ બાળકો માટે જીવનું જોખમ બની રહ્યા છે. સેક્ટર-9ની GCA ક્રિકેટ એકેડેમીમાં પરસેવો પાડીને ભવિષ્યના સ્ટાર બનવાના સપના આંખોમાં આંજીને પરત ફરી રહેલા આલમપુર ગામના ત્રણ પિતરાઈ ભાઈઓની રિક્ષાને સરિતા ઉદ્યાન પાસે એક કાળમુખી અલ્ટો કારે જોરદાર ટક્કર મારી છે.આ અકસ્માતમાં એક કિશોર જિંદગી અને મોત વચ્ચે જંગ લડી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

કારની સ્પીડ એટલી વધુ હતી કે ટક્કર લાગતા જ રિક્ષા હવામાં ઉછળીને રોડ પર પછડાઈ હતી અને પલટી મારી ગઈ હતી. અને રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

કારની સ્પીડ એટલી વધુ હતી કે ટક્કર લાગતા જ રિક્ષા હવામાં ઉછળીને રોડ પર પછડાઈ હતી અને પલટી મારી ગઈ હતી. અને રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર આલમપુર ગામમાં રહેતા ભરતભાઈ પટેલનો પુત્ર ધ્યાન, તેનો ભાઈ વ્રજ અને પિતરાઈ ભાઈ આયુષ (ઉંમર આશરે 11 થી 14 વર્ષ) દરરોજની જેમ આજે સેક્ટર-9 GCA ક્રિકેટ એકેડેમીમાં ટ્રેનિંગ માટે ગયા હતા. ટ્રેનિંગ પૂરી કરીને તેઓ વિક્રમભાઈ રામાજી સોલંકીની રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રિક્ષા સરિતા ઉદ્યાન સામેના ચાર રસ્તાથી વળાંક લઈ રહી હતી. ત્યારે રોકેટ ગતિએ દોડતી કારના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રિક્ષાને અડફેટે લીધી હતી. પહોળા અને ખુલ્લા રસ્તાઓ મળતા જ વાહનચાલકો સ્પીડની મર્યાદા ભૂલી જાય છે.જે અન્ય નિર્દોષ વાહનચાલકો માટે જોખમ ઉભું કરે છે.


### ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી

# વેપારીની હત્યામાં ચોંકાવનારો વળાંક : ફૂઆની હત્યા પાછળ ભત્રીજાનો વિકૃત શોખ જવાબદાર!

પૈસા અને મહિલાઓના અંડરગાર્મેન્ટ્સની ચોરી કરતા ઝડપાઈ જતા ભત્રીજાએ ફૂઆને ઉતાર્યા મોતને ઘાટ

અમદાવાદ

શહેરના પોશ વિસ્તારમાં થયેલી એક વેપારીની ઘાતકી હત્યાના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એવો ખુલાસો કર્યો છે જે સાંભળીને ભલભલાના હોશ ઉડી જાય. જે ભત્રીજા પર ફૂઆએ વિશ્વાસ મૂક્યો હતો, એ જ ભત્રીજાએ ફૂઆની હત્યા કરી નાખી. માત્ર એટલા માટે કે તેનો 'વિકૃત શોખ' ફૂઆ સામે આવી ગયો હતો. મળતી માહિતી મુજબ, અમદાવાદના જાણીતા વેપારીની ગત દિવસોમાં ભેદી સંજોગોમાં હત્યા થઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે હત્યા પાછળ બીજું કોઈ નહીં પણ તેમનો સગો ભત્રીજો જ સામેલ હતો. શરૂઆતમાં આ લૂંટના ઈરાદે થયેલી હત્યા લાગતી હતી, પરંતુ ઊંડાણપૂર્વકની તપાસમાં આરોપીની માનસિક વિકૃતિ અને ચોરીની આદત બહાર આવી છે.




પોલીસ પૂછપરછમાં આરોપી ભત્રીજાએ જે કબૂલાત કરી છે તે અત્યંત ચોંકાવનારી છે:

અંડરગાર્મેન્ટ્સની ચોરી: આરોપીને મહિલાઓના કપડાં અને અંડરગાર્મેન્ટ્સ પહેરવાનો શોખ હતો. તે અવારનવાર ઘરમાંથી આવી વસ્તુઓની ચોરી કરતો હતો.

રંગે હાથે ઝડપાયો: ઘટનાના દિવસે આરોપી ફૂઆના ઘરેથી રોકડ રકમ અને મહિલાઓના અંતઃવસ્ત્રોની ચોરી કરી રહ્યો હતો, ત્યારે જ ફૂઆ ત્યાં આવી પહોંચ્યા અને તેને જોઈ ગયા.

ભેદ ખૂલી જવાની બીકે હત્યા: પોતાનો આ અજીબ શોખ અને ચોરી પકડાઈ જવાથી સમાજમાં બદનામી થશે તેવા ડરથી ભત્રીજાએ આવેશમાં આવીને ફૂઆ પર હુમલો કર્યો અને તેમની નિર્મમ હત્યા કરી નાખી.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા અનુસાર, 'આરોપીની માનસિક સ્થિતિ અને તેના શોખ વિશે જાણીને અમે પણ આશ્ચર્યચકિત છીએ. આરોપી માત્ર પૈસા જ નહીં, પણ મહિલાઓના વસ્ત્રોની પણ ચોરી કરતો હતો. ફૂઆએ તેને ટોકતા તેણે આ ખૌફનાક પગલું ભર્યું હતું.'

વિશ્વાસઘાત અને વિકૃતિનો સંગમ: જેણે આંગળી પકડીને ચાલતા શીખવ્યું, એ જ ફૂઆનો જીવ લેતા ભત્રીજો જરાય ન ધ્રૂજ્યો.

# ફ્લેટના પાર્કિંગમાંથી અજાણ્યા શખ્સોએ કરી મર્સિડીઝ ગાડીની ચોરી

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુરના માનસી ટાવર ચાર રસ્તા પાસે આવેલા ફ્લેટના પાર્કિંગમાંથી અજાણ્યા શખ્સો મર્સિડીઝ ગાડીની ચોરી કરીને લઈ ગયા છે. શહેરના બિલ્ડર અને વેપારીની આ લક્ઝરી કાર પાર્કિંગમાં પાર્ક હતી, જે ચોર ડુપ્લીકેટ ચાવીથી ચોરીને લઈ ગયા છે. જે અંગેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. વસ્ત્રાપુર પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો મુજબ, બોડકદેવ વિસ્તારમાં એસ.આર. ગ્રુપ નામે રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા પ્રશાંતભાઈ નાયર રાત્રે ઘરે આવ્યા હતા. તેમના ડ્રાઈવર કૃણાલ લેઉવાએ રાત્રે સાત વાગ્યાની આસપાસ બ્રાઉન કલરની મર્સિડીઝ બેન્ઝ (નંબર PY.01.CJ.8314) કોર્ણાક ટાવરના પાર્કિંગમાં લોક કરીને પાર્ક કરી હતી.

સોમવારે(11 મે) સવારે જ્યારે પ્રશાંતભાઈને કામ અર્થે બહાર જવાનું હોવાથી ડ્રાઈવર ગાડી લેવા ગયો, ત્યારે પાર્ક કરેલી જગ્યાએ ગાડી મળી આવી ન હતી. આસપાસ તપાસ કરવા છતાં ગાડીનો પત્તો ન લાગતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

ચોરી થયેલી મર્સિડીઝ ગાડી 2010નું મોડલ છે, જેની અંદાજિત કિંમત 9 લાખ રૂપિયા છે.

# NEET મુદ્દે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો ઉગ્ર વિરોધ : IIM બહાર NSUIએ કાળા વાવટા બતાવ્યા

શિક્ષણમંત્રીનો કાફલો IIMના ગેટ પરથી બહાર નીકળ્યો ત્યારે NSUIના કેટલાક કાર્યકર્તાઓ કાળા વાવટા અને કાળા કપડાં સાથે ધસી આવ્યા હતા

અમદાવાદ

NEET પરીક્ષા પેપર લીક લઈને દેશભરમાં વિદ્યાર્થીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અમદાવાદની મુલાકાત દરમિયાન વિરોધના દ્રશ્યો જોવા મળ્યા હતા. NSUI દ્વારા વિરોધ પ્રદર્શનની ચીમકી મળતા કેન્દ્રીય શિક્ષણમંત્રીની આ મુલાકાતને ગુપ્ત રાખવામાં આવી હતી તેમ છતાં પણ મંત્રીના કાફલા સામે પ્રદર્શન કરવા કાર્યકરોની પહોંચ્યા હતા. જેમની પોલીસે દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

મહત્વનું છે કે કેન્દ્રીય શિક્ષણમંત્રીના કાર્યક્રમોની વિગતો સામાન્ય રીતે પહેલાથી જાહેર કરવામાં આવતી હોય છે. પરંતુ ગુપ્ત રીતે આયોજન કરવામાં આવ્યું હોવા છતાં કેન્દ્રીય શિક્ષણમંત્રીનો કાફલો IIM અમદાવાદના ગેટ પરથી બહાર નીકળ્યો ત્યારે NSUIના કેટલાક કાર્યકર્તાઓ કાળા વાવટા અને કાળા કપડાં સાથે ધસી આવ્યા હતા. અને ધર્મેન્દ્ર પ્રધાનનો વિરોધ કર્યો હતો. ગુજરાત સહિત દેશભરમાં કોંગ્રેસની NSUI પાંખ NEETની પરીક્ષાનું પેપર લીક થતાં કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રી સામે વિરોધ કરી રહી છે. NSUIના કાર્યકરોની માગ છે કે નૈતિક જવાબદારી સ્વીકારી શિક્ષણમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. NEET પેપર લીક કેસમાં અત્યાર સુધીમાં 7 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેના તાર રાજસ્થાનથી માંડી મહારાષ્ટ્રના નાસિક અને હરિયાણાના ગુરુગ્રામ સુધી જોડાયેલા છે. ભારત સરકારેહાલમાં અમલમાં મૂકેલા નવા કાયદા હેઠળ કાર્યવાહી થઈ રહી છે. આ કાયદામાં પેપર લીક કરનારાઓ માટે 10 વર્ષ સુધીની જેલ અને 1 કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. NEET UG-2026 માં આશરે 25 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે તેને વિશ્વની સૌથી મોટી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક બનાવે છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI